રૂપરૂપનાં અંબાર



નિરંજન વર્મા • જયમલ્લ પરમાર

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ५४५/६

पंजिका संख्या: २१७८/२६-३-२००३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગપતાં પંખીઓ

ॐ तत्र वामन कुरु नः
पुस्तक सं. पु.४.प.१/६.
आगत सं. २१.७६.४..
तिथि २६-३-२००६
गुरुकुल ग्रन्थालय काँगडी.

લેખકો
નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

CHECKED 1973
Initial

સ્ટાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૯

ભા ર તી સા હિ ત્ય સં ધ
૧૪૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ
૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરુણ પુસ્તકમાળા
આવૃત્તિ પહેલી
૧૦૦૦
જૂન - ૧૯૪૪

[સર્વ હક્ક લેખકોને સ્વાધીન]

મૂલ્ય
૦-૧૦-૦

• પ્રકાશક •
હરમીદાસ પુરુષોત્તમ ગાંધી
ભારતી સાહિત્ય સંઘ
ભીમાણી સોસાયટી • અમદાવાદ

• મુદ્રક •
ચંદુલાલ જેઠાલાલ વ્યાસ
સ્વાશ્રય મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ • રાણપુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

વીરુ-મનુ-પુરુ-ચીરુને

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ગુજરાતી બાલસાહિત્યમાં પક્ષી વિષે શાસ્ત્રીય જ્ઞાન આપનારાં પુસ્તકો હજી સુધી બહાર પડયાં નથી. એકાદ–બે પુસ્તકાઓ બહાર પડી છે ખરી, પણ એ આ વિષયની ખોટ પૂરી પાડી શકે તેવી નથી. આ 'પક્ષી–પરિચય ગ્રંથાવલિ'નો ઉદ્દેશ એ ખોટને પૂરી પાડવાનો છે.

તદ્દન શાસ્ત્રીય જ્ઞાન બાળકોને અધરું ન થઈ પડે એ માટે તેની લેખનશૈલીને રસિક કરવા માટે બાળકો નાનપણથી જે જોડકણાં, ગીત અને વાર્તાઓ દ્વારા સહેજે પક્ષીઓના પરિચયમાં આવેલ હોય છે તેનો આમાં ઉપયોગ કર્યો છે. અલબત્ત, એ ગીતો–વાર્તાઓમાં જે વસ્તુ અ-શાસ્ત્રીય માલૂમ પડી છે એ તરફ શાસ્ત્રીય હકીકત રજૂ કરી લક્ષ દોર-વામાં આવ્યું છે.

દરેક પુસ્તકામાં આપેલ પક્ષી-ઓનું ઝૂમખું શાસ્ત્રીય વર્ગીકરણ પ્રમાણે નથી ગોઠવ્યું, પણ બાળકોનું આકર્ષણ સાદ્યંત જળવાઈ રહે એ હેતુથી પક્ષીઓના ઓછા–વધતા સ્વ-ભાવસામ્યને ખ્યાલમાં રાખીને ગોઠ-વ્યું છે.

નિરંજન વર્મા
જયમલ્લ પરમાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપરૂપનાં અંબાર

૧. મોર

૨. પોપટ

૩. કલકલિયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ • નુ • ક્ર • મ

૧. મોર ૭-૩૧

૨. સફેદ મોરલો ૩૧

૨. પોપટ ૩૨-૫૪

૨. સુરપાણુનો પોપટ ૫૨

૩. કલકલિયો ૫૫-૭૩

૨. કાબરચીતરો કલકલિયો ૬૨

૩. રંગરંગીન કલકલિયો ૬૯-૭૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેઘરાજાનો છડીદાર

મોર



કળાયલ મોર

ગ્રીસ દેશમાં ઘાડી રૂપાળી ઝાડી. ઝાડીની વચ્ચે સુંદર મજાની નદી ચાલી જાય. નદીના જળદેવતાને એક જ દીકરી. દીકરીનું નામ આઈ એ. આઈ એ તો આખો દિવસ નદીને કાંઠે કાંઠે ફર્યા કરે અને રમ્યા કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ દેવોના રાજા જ્યુપીટર પૃથ્વી પર આવ્યા અને તેમણે આઈઓને જોઈ. તેમને આઈઓ બહુ ગમી ગઈ. જ્યુપીટરે એક છોકરાનું રૂપ લીધું અને આઈઓ પાસે રહ્યા. કલાકો સુધી મીઠી-વાતો કરી. પછી તો રોજ તે છોકરાને રૂપે આઈઓ પાસે આવે અને દિવસ આનંદમાં વિતાવે.

પણ જ્યુપીટરને જ્યુનો નામે પત્ની હતી. એ ભારે અદેખી. એ તો પેલી નદીને કાંઠે આઈઓને જોવા ચાલી. જ્યુપીટરને ખબર પડી–રખે ને પોતાની વહાલી આઈઓને જ્યુનો કાંઈ કરી નાખે, તે પહેલાં તેમણે આઈઓને એક સુંદર ગાય બનાવી દીધી.

જ્યુનો નદીકાંઠે આવી. તેણે જ્યુપીટર પાસે એક ગાયને ચરતી જોઈ. એ ગાયને તે ઓળખી ગઈ. તેણે જ્યુપીટર પાસે એ ગાયની માગણી કરી. જ્યુપીટરને તે ગાય આપવી પડી.

જ્યુનોએ ગાયની ચોકી કરવા પોતાના નોકર આરગસને મોકલ્યો. આરગસને સો તો આંખ હતી. તે કદીયે જાગતો થાકે જ નહિ અને આઈઓને એકલી મૂકે નહિ.

બીચારી આઈઓને તો કાંઈ ખબર પડે નહિ–રોટલાને બદલે ઘાસ–પાંદડાં ખાધા કરે. જુએ તો હાથને બદલે પગ થઈ ગયા છે. એ તો દોડી નદીકાંઠે. પાણીમાં જોયું તો પોતાને માથે શીંગડાં દેખાયાં. નદીમાં રમતી જળપરીઓ પણ તેને ન ઓળખી શકી. બીચારી આઈઓ તો રોયા કરે. તેના પિતા જળદેવતા બહાર આવ્યા. તેણે તેને પંપાળી–થાબડી. આઈઓએ તેને બધી વાત કરી. દેવતા રડી પડ્યા. પણ શું કરે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરગસે આ બધી વાત સાંભળી અને તે આઇઓને ત્યાંથી દૂરદૂરના જંગલમાં લઈ ગયો. પોતે એક ટેકરી પર બેઠો ને આઇઓની ચોકી રાખવા લાગ્યો.

જ્યુપીટર હજી આઇઓને ભૂલ્યા ન હતા. એણે આરગસને મારી નાખવા માટે પવનદેવતા મરકયુરીને મોકલ્યા. મરકયુરી ભરવાડના છોકરાનું રૂપ લઈ ને વાંસળી વગાડતા આરગસ પાસે પહોંચ્યા. એની મીઠી વાંસળી સાંભળીને આરગસે જ તેને બોલાવ્યો. કહ્યું : આવ ને દોસ્ત, બેસ અહીં; બહુ મજાની જગ્યા છે.

મરકયુરીને તો એટલું જ જોતું હતું. એ ત્યાં જઈ ને બેઠા અને અલકમલકની વાતો આદરી. પણ આરગસ સૂએ જ નહિ—અરધી આંખો તો ઉઘાડી જ હોય. છેવટે મરકયુરીએ વાંસળીની લાંબી લાંબી વાર્તા શરૂ કરી. વાર્તા પૂરી થઈ ત્યારે જોયું તો આરગસ બધી આંખો બંધ કરીને સૂઈ ગયો હતો. તરત જ મરકયુરીએ સો સો આંખવાળું આરગસનું માથું તરવારથી કાપી નાખ્યું.

જ્યુનોને તેનો વહાલો ચોકીદાર મરી ગયાની ખબર પડી. તે ત્યાં રડતી રડતી આવી. પોતાના ચોકીદારને જગતમાં અમર કરવા તેણે મોર બનાવ્યો. મોરને આખે શરીરે સુંદર સુંદર રંગ પૂરી દીધા અને આરગસની સોએ આંખો તેને પીછે પીછે ચોડી દીધી. મોરને પોતાનું વાહન બનાવ્યો.

આવા રૂપાળા મોરનાં વખાણ કરતાં ગળાતી રાતે ભજનિકો પણ ગાય છે કે :—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોર તું તો આવડલાં રૂપ ક્યાંથી લાવ્યો રે,
મોરલો મરતલોકમાં આવ્યો.....

સ્ત્રીઓ પણ રાસડા લેતાં ગાય છે કે :—

ઝીણા મોર ઓલ્યે આ લીલી નાઘેરમાં.....

શેરીમાં રખડતાં બાળકો પણ ગાય છે કે :—

મારો છે મોર, મારો છે મોર;
મોતી ચણન્તો મારો છે મોર.

આમ સૌના માનીતા આ મોરનું રૂપ તમે જોયું છે? એનું રૂપ રચવામાં જાણે વિધાતાએ હાથ ધોઈ નાખ્યા છે.

આંખ ને ચાંચ આસપાસ ધોળાં ચગદાં અને કાળી લીટીઓ ખેંચીને વિધાતાએ પહેલાં કલગી બનાવી હશે. નાની નાની સળીઓ પર ઠેરવેલી પંખા જેવી નાની કલગી—જાણે સળીએ સળીએ મોતી ઊગ્યાં છે. સળીઓ શરૂઆતમાં બૂબરી કરી. મોતી પાસે એ લીલી થઈ અને મોતીમાં લીલછા વાદળી રંગના ઝબકારા ભરી દીધા.

ડોક માથે ચળકતો વાદળી રંગ છલકી રહ્યો છે. ડોક ઉપરના ભાગે ચળકારા મારે—નીચલા ભાગે ઘેરી જાંબલી. ડોકના ઉપરનીચા ભાગના રંગ ડોકના મૂળમાં ભેગા થતાં ઘેરા આસમાની થઈને એકરૂપ બની જાય છે—જાણે ગંગા-જીમાં જમનાજી મળ્યાં. ડોકની નીચેથી એ રંગ ઘેરો લીલો થઈ જાયે. એ રંગ આખા નીચલા પેટને રંગી નાખે છે અને પગને વચ્ચે વીંટી દે છે.

વિધાતાએ પછી પીઠ લીધી હશે. પીઠ પર લીલવા રંગની સુકુમાર ઓકળીઓ બનાવી. આડા આડા પટ્ટા રચીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠેઠ પૂછડી પર તે ચાલી જાય. પરન્તુ એના પર પાંખ ઢંકાઈ જતાં કયારેક પીઠની શરૂઆત ત્રિકોણ દેખાય અથવા કયારેક એ ત્રિકોણમાંથી સળંગ લીટી ઠેઠ કળા સુધી પહોંચી જાય.

પીહને બંને બાજુથી ઢાંકી દેતી પાંખ કેવી ? એના પર વાંકાં વાંકાં ટપકાં અને કાળા પટ્ટારૂપે જાણે કોઈ ઈરાની કલાકારે પોતાની બધી કળા ઠલવીને નાની કનાત બિછાવી દીધી છે. કનાત પૂરી થાય એટલે પાંખોનાં છેવાડાનાં પીછાં લાલ ઘોડા જેવા રંગનાં.

પાંખો નીચે છુપાયેલ, પૂછડી પર પરોવેલી લાંબી લાંબી કળા એ તો મોરના રૂપની ટોચ. એ કળામાં રંગ ભરતાં વિધાતાએ પાછું વાળીને નથી જોયું. પીછે પીછે રંગ ભર્યા, રંગે રંગે ભાત પાડી, ભાતે ભાતે વિવિધતા રચી. લાંબાં પીછાં: બે–ચાર કે કોઈક છ ફીટ પણ લાંબાં થયાં. પીછાંને લાંબી સળીઓ. સળીઓની બંને બાજુ વાળ જેવાં આછી કિનારીવાળાં એકસરખાં રૂંછાં મૂકયાં.

છેલ્લે એમાંથી નિપજાવી પીછાંની આંખ. વચમાં તાંબાવરણું ચગદું. આસપાસ એક જાંબલી કિનાર, બીજી વાદળી કિનાર, ત્રીજી કિનારે તો રૂંછડાં મૂકીને આંખને જાણે પાંપણો રચી દીધી. આંખો જાણે હમણાં હસીને સામે જોશે.

આંખો ચીતરીને વિધાતાએ કળાની આંખ સુધી રંગ ભર્યા. રંગ ખૂટી ગયા એનું ભાન પણ ન રહ્યું. મોરની પૂછડી ને પગ રંગવાનાં બાકી હતાં એનો ખ્યાલ પણ ન રહ્યો. છેવટ રંગનાં કૂંડાં ઘોઈને બાકી વધેલા ભૂખરા રંગમાંથી પૂછડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગી નાખી હશે. પગ માટે તો રહ્યો હશે ભૂંડોભૂખ છોડિયા જેવો રંગ. આવા સુંદર દેહ નીચે આવા ભૂંડા પગ જોઈને કોઈ ચાલાક કવિએ ગાઈ નાખ્યું :

રૂપે વડો મોર, મોરને પાંવ ન દીઓ;

મોરના આવા રૂપ પર લોકો મોહી ગયા. એનું રૂપ જોઈ કવિઓએ કાવ્યો કર્યાં. સ્ત્રીઓએ એને રાસડામાં ઉતાર્યો, પાણી ભરવા જતી વખતે ઈંઢોણીમાં ભરી દીધો, ઘેર બાર-સાખે બારસાખે તોરણમાં લટકાવી દીધો, ગોળા પર ઢંકાતા બુઝારાના ટોપકારૂપે મૂકી દીધો, લૂગડાં પર ભરતકામમાં તો ઠેર ઠેર મૂકી દીધો. ઘર ચણનારાઓએ ઘર માથે સૌથી ઊંચે સ્થાને એને બેસાડ્યો. જૂના ચિત્રકારોએ એને ચિત્રની કિનાર ઉપર ચીતર્યો. આજના ચિત્રકારો પણ એને જુદે જુદે રૂપે ચીતર્યા જ કરે છે.

મોર એટલે સૌન્દર્યમાં શિરોમણી. એવી જ ભાવનાથી કદાચ કણબી લોકોમાં 'મોર છબવો' નામની પ્રથા આવી હશે. જ્યારે એ કોમમાં સંખ્યાબંધ લગ્નો એક સાથે થાય ત્યારે ગામને પાદર અનેક જનો આવીને ઊભી રહે. તેમાં સૌથી મોખરે કોણ રહે ? જે ગામચોરાને સૌથી વધારે પૈસા ભરે તે. તે જનનું ગાડું ગામ-ઝાંપામાં દાખલ થતી વખતે ઉપર બાંધેલા તોરણના મોરને છબતું જાય-અડકતું જાય.

જે મોરનું રૂપ રચવામાં વિધાતાએ પાછું ન જોયું તેની ઢલને કેવી બનાવી છે ? પંખીજગતમાં જેના રૂપની કોઈ બરાબરી ન કરી શકે એવું પંખી મોર, પણ એની ઘરવાળી ઢલ જુઓ તો જાણે કૂવડ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોરને રંગતાં આસપાસ ઢોળાયેલ રંગની ધૂળમાંથી જાણે એના રંગ ઊભા કર્યા છે. એને કલગી અરી, પણ ઝાંખી–મોરની કલગી જેવો દમામ નહિ. ડોક જોઈ હોય તો ઝાંખી ઝાંખી. ડોક પર જરાક પીળચટ્ટો ને વાદળી રંગ અરો, પણ તે બરાબર દેખાય નહિ. આખા શરીરનો રંગ ધુમાડિયો. પૂછડાનાં પીછાં પણ ભૂખરાં. રૂપાળા મોરની પાસે ઊભી હોય તો નજર નાખવી પણ ન ગમે. સારું થયું કે વિધાતાએ એને કળા ન આપી, નહિ તો ઊલટાની વધારે કદરૂપી લાગત.

લોકો આ ઢેલને નીરખવા બેસતાં જ નથી. એ તો મોરના રૂપ પાછળ ગાંડાં બન્યાં છે. શું હિંદુ કે શું મુસલમાન–સૌએ એને દેવી રૂપ આપ્યાં છે. હિંદુઓ એને સરસ્વતી અને ભગવાન કાર્તિકેયનું વાહન ગણે છે, મુસલમાનો એને પીરનો દુલદુલ કહે છે.

જોગીદાસ ખુમાણ પાછળ મોકલેલ ભાવનગરની વારના એક પગારદાર સંધીએ ફીફાદ ગામને પાદર ધનન્તરશા પીરની દરગાહના મુજાવર મુરાદશાહના મોતિયા મોરલાનો શિકાર કર્યો. સાંઈ પાસેથી મોર આંચકી જતાં સાંઈએ પીર પાસે હાથ પછાડ્યા. નખ નીકળી પડ્યા અને સાંઈએ શાપ દીધો કે : 'એ મોરલો એમના પેટમાં હોય ત્યાં જ જો ખુમાણોનાં ભાલાં એ માંસ ખાનારના પેટમાં પરોવાઈ ન જાય તો હું ફકીર નહિ, તું પીર નહિ ને આસમાનમાં અલ્લા નહિ.'

'એ શાપ પ્રમાણે જ જાણે બીજે દિવસે સંધીઓને જોગીદાસ ખુમાણનું દળ ભેટી ગયું. સંધીઓ બૂટના કૂવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊતરી ગયા અને ભાલાં, બરછી તથા તરવારોથી બધા સંધીઓનો કચ્ચરઘાણ વળી ગયેા. એ પચાસ લાશોમાંથી એક સંધી અણીશુદ્ધ બચી ગયેલેા—જેણે મોરનું માંસ ખાધેલું નહિ.'

(સોરઠી બહારવટિયા, ભાગ બીજો)

લોકોનાં મનમાં મોરને મારવેા એ મોટું પાપ ગણાયું છે. પોતાના પાપનેા એકરાર કરતી વખતે બહારવટિયા જેસલે પણ ખુલ્લે દિલે ગાયું હતું કે :—

વનના તે મોરલા મારિયા, તોળાંદે રે,
એમ જેસલ કહે છે જી.

લોકોની આવી માન્યતાને કારણે શિકારીઓ મોરલાનેા શિકાર કરતાં ડરે છે. સંધી, મકરાણી, આરબ, આડોડિયા, ડફેર અને મિયાણા જેવી કોમો એનેા શિકાર કરે છે, પણ એ છાનેામાનેા—છડેચોક તેા નહિ જ.

હવે તેા મોર મારવાની કાયદેસર બંધી છે. વાઇસરૉય લૉર્ડ કર્ઝન કળા અને સૌન્દર્યનેા પ્રેમી હતેા. એણે મોરનું રૂપ જોયું. આવા સુંદર પંખીનેા શિકાર એ ન સહી શકયેા, અને તેણે મોરને પંખીઓના શિકારબંધીના કાયદામાં મુકાવી દીધેા.

ધાર્મિક વૃત્તિ અને કાયદાની બંધીને કારણે મોરને મારી શકાતેા નથી એટલે મોર આપણી વચ્ચે નિર્ભય થઈને ફરે છે. મૂળ તેા એ બહુ ભડકણ અને જંગલનેા વતની. એને આપણી બીક ગઈ એટલે તે ગામપાદરની વાડીઓમાં ઊતરી આવ્યેા. ત્યાંથી આગળ વધી ઠેઠ ફળિયામાં પારેવાં—ચકલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે ચણવા આવવા લાગ્યો. લોકો એને પાળે પણ છે અને પાળેલો મોર હાથમાંથી દાણા ચણી જાય છે.

આપણે આંગણેથી એ દાણા ચણી જાય છે એટલો જ એનો ખોરાક નથી. એ તો કાકીડા, અળસિયાં, ઝીણાં જીવડાં, ઈયળો અને કયારેક દેડકાં પણ ઉડાવી જાય છે. એક કહેવત પણ છે કે, 'મોરને અને મીંદડીને એરુ આભડે જ નહિ.' મતલબ કે તેમને સર્પનુ ઝેર ચડે જ નહિ. એનું એક સંસ્કૃત નામ પણ **સુજંગ-સુક્** (સર્પ–ખાનારો) છે.

એને સહુથી વધારે ભાવે વાડીના લીલાછમ કૂણા કૂણા કોંટા. કોંટા એટલા બધા આય કે વાડીના પાકને ભારે નુકસાન થાય. કોઈ પણ વાડીએ જન્તે. હાથમાં ગોફણ લઈને એકાદ રખોપિયો ઊભો ઊભો ગોફણમાંથી પાણા ફેંકતો હશે અને બૂમો નાખતો હશે–'મોયલો....મોયલો...હોા.....!'

વાડીના એ એટલા બધા હેવાયા થઈ ગયા હોય છે કે પાસે જઈને ઊભા રહો તો યે એ બસે નહિ. મારવા હાથ ઉગામો તો ચાલતા થાય, ઊડે તો નહિ જ. બહુ પાછળ પડો તો દોટ મારે. આગળ ડોક સીધી કરી દડવડ દોડયો જાય. દોટ મારવામાં એના મજબૂત પગ બહુ કામ આવે છે. માણસોને દોડમાં પહોંચવા ન દે એટલી ઝડપથી તે દોડી શકે છે.

છૂટકો જ નથી એમ લાગે ત્યારે એ ઊડે. ઊડે ત્યારે એકધારો ઘણે દૂર સુધી ઊડી જાય. પાછળ લટકતી કળા સહેજ પહોળી થાય અને કળામાં રહેલાં તેનાં સુંદર પીછાં દેખાઈ આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં પીછાં કેટલાં સુંદર છે ! એનાં પીછાંનાં વીંઝણા અને સાવરણીઓ દેવના રૂપની શોભા વધારે છે. તેથી જ હિંદુઓના મંદિરમાં મોરનાં પીછાંના ઠાકોરજીના વીંઝણા બનાવાય છે, વાળવા માટે સાવરણીઓ બનાવાય છે અને રામસાગર(તંબૂરા)ને માથે મોરપીછનાં ઝુંડ મૂકે છે. પીરની દરગાહોમાં પણ મોરનાં પીછાંની સાવરણીઓ વપરાય છે.

પીછાં પણ કેટલી જાતનાં ? આંખવાળાં પીછાંની પહેલાં જ વાત કરી. એ સિવાય બીજાં ત્રણ જાતનાં પીછાં મોરને હોય છે. એક આંખવાળાં પીછાં કરતાં યે લાંબાં, કળાના છેડા ઉપર હોય છે તે ત્રિકોણાકારનાં પીછાં. બીજાં પીછાં આંખ વિનાનાં, બરાબર તરવાર જેવાં વળેલાં હોય છે. છોકરાં એને તરવાર જ કહે છે. આવું પીછું હાથ આવે તો છોકરાં ન છોડે. પીછાંનાં મૂળ કચકડા જેવાં હોય છે. એ તોડવાથી અંદરથી નાનું સરખું, વાંકુંચૂકું કણું નીકળે છે. એ બાળવાથી તડતડતડ તડતડિયાની પેઠે બોલે છે, એટલે છોકરાં તે ભેગાં કરીને ગમ્મત ઉડાવતાં હોય છે.

પતંગના રસિયા મોરનાં પીછાંની ઝાલર રચીને પતંગ નીચે વળગાડે છે. કહેવાય છે કે એ પીંછાં સામે પવન ભટકાવાથી એમાંથી સૂ....ઉ....સૂ....ઉ એવો અવાજ નીકળે છે. મોરનાં પીંછાંમાં ચુંબકશક્તિ ઠીક હોય છે. આથી મોરનાં રાતાં પીંછાં છોકરાં માથાના વાળ સાથે ઘસીને તરણા સામે ધરે છે. તરત જ એ તરણાં ચડપ ચડપ કરતાં અધ્ધર ફૂટ દૂરથી ઊડીને પીંછાંને ચોંટી જાય છે.

મોરનાં પીંછાં વીંઝણા, સાવરણીઓ વગેરેમાં વપરાય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એથી કેળી–વાઘરીઓ તે ભેગાં કરીને વેચે છે. એ પીંછાંની આંખો બાળીને એમાંથી કોઈ અકસીર ભસ્મ બનાવવામાં આવે છે તેમ કહેવાય છે. લોકો તો એટલે સુધી માને છે કે પીંછાંની આંખો બાળવાથી અંદરથી સોનું ઝરે છે. આ વાત જવા દઈએ. બીજી રીતે તે દેશી વૈદકમાં ઘણાં કામ આવે છે. જેને પગે વા હોય તેઓ આ પીંછાંનાં કડલાં કરીને પહેરે છે. સર્પ કરડયો હોય તેને મોરનાં પીંછાં બાળીને પિવરાવે છે–તેથી તરત ઊલટી થાય ને ઝેર બહાર નીકળી જાય.

મોરનાં આ સુંદર પીંછાંનો ઉપયોગ તો ભગવાન શ્રીકૃષ્ણે કરી જાણ્યો છે. એણે એનાં મોર–મુગટ બનાવ્યા, મોરપીંછ કર્યાં ને માથે પહેર્યાં. હજીયે તેમની મૂર્તિ સાથે ભકતો મોર–મુગટ પહેરાવે છે.

મોર મૂળ એશિયા ખંડનો રહેવાસી છે. યુરોપમાં તેને મહાન સિકંદર પહેલી વાર લઈ ગયો. હિંદ પર મહાન સિકંદરે ચડાઈ કરેલી એ તો તમે જાણો છો ને? લડાઈ પતી ગયા પછી તેની નજર હિંદની રૂપાળી ચીજો પર પડી. તેમાં મોર આવી ગયો. તેને મોર ગમી ગયો ને પોતાની સાથે યુરોપમાં લઈ ગયો. ત્યારપછી મોરની જાત યુરોપમાં ઠેર ઠેર વધતી ગઈ.

યુરોપમાં મોરને મારીને ખાવામાં ઘણી મોટાઈ મનાતી. એ મોટાઈ તેના માંસ કરતાં રૂપને કારણે વધારે હતી. કોઈ પણ મોટા ખાણામાં મોરના માંસથી ભરેલી ડીશની આસપાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું માથું અને પીંછાં સુંદર રીતે ગોઠવવામાં આવતાં અને આણાને શોભાયમાન બનાવવામાં આવતું.

બધા દેશોને તેનાં પીંછાં ગમ્યા, પણ મિસર દેશમાં તનાં રૂપાળાં પીંછાંને ઉતારી પાડતી એક લોકકથા કહેવાય છે.

ઘણાં વર્ષ પહેલાં મિસરમાં ઓસીરીસ નામનો રાજા રાજ કરતો. એક વખત તે રાજા હિંદની મુસાફરીએ નીકળ્યો. રાજાની રાણીનું નામ ઈસીસ અને પ્રધાનનું નામ આરગસ. રાજા પોતાની ગેરહાજરી દરમિયાન રાણીને અને પ્રધાનને રાજ સોંપતો ગયો.

થોડાંક વર્ષો ગયાં ને પ્રધાન આરગસ રાણી ઈસીસના પ્રેમમાં પડયો. તે પોતે જ રાણીને પરણી બેઠો અને રાજા થઈ ગયો. રાજમાં ઠેર ઠેર બાતમીદારો મૂકી દીધા. તેમની મારફત પ્રજાની તલેતલ વાત એ જાણ્યા કરે. એકેએક વિરોધીઓને તેણે દબાવી દીધા અને રાજ એકચક્રે હાથ કરી લીધું.

ઘણે વર્ષે ઓસીરીસ રાજા મુસાફરીમાંથી પાછો વળ્યો. રાજધાનીમાં આવતાં પહેલાં તેને બધી ખબર પડી. તેણે દેવી જ્યુનોને પ્રાર્થના કરી. દેવી જ્યુનોએ પવનદેવ મરકયુરીની સરદારી નીચે તેની મદદમાં એક સૈન્ય આપ્યું. બની બેઠેલા રાજા આરગસ સાથે જબરી લડાઈ ચાલી.

છેવટે આરગસ હાર્યો અને તેને દેવી જ્યુનો પાસે ઊભો કરવામાં આવ્યો. દેવી જ્યુનોએ તેને મોર બનાવી દીધો અને વિશ્વાસઘાતી આરગસે છૂપી આંખો–બાતમીદારો વડે આ હલકું કામ કરેલું તેથી એના બધા બાતમીદારની આંખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને પીંછે પીંછે ચોડી દીધી. આ કથા ઉપરથી મિસરમાં મોર હલકું પંખી ગણાય છે.

સફેદ મોર

'કે....હુ....ક....કે....હુ....ક....' એવા ગગનવિદારણ નાદથી વનરાઈ અને પહાડીઓને વીંધતો મોર પોતાની સાંકળ (ડોક)ના ત્રણ ત્રણ કટકા કરીને મેઘરાજાને આવકાર આપે છે. આષાઢ મહિનો આવે, આકાશમાં કાળાં ડમ્મર વાદળાં ઘેરાઈ રહ્યાં હોય, આભને માથે ભગવાન જાણે ગેડી દડે રમતા હોય તેવી ગડેડાટી ગાજવા લાગે ત્યારે મેઘ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાનો છડીદાર મોર કેમ રહી શકે ? એ પોતાનું અંતર નિચોવી નિચોવીને પોતાના કેકારવથી વનરાઈને ઘેઘૂર બનાવી દે છે. મોરના ટહુકાર વિના મેહ આવે તો યે ભૂંડો લાગે. એથી જ સ્ત્રીઓએ પોતાના રાસડામાં ગાયું કે :

આષાઢે ઘમઘોરિયા.....ને વાદળ ગાજે ઘોર;
આપૈયા પિયુ.....પિયુ કરે ને મધરા બોલે મોર;
કે આણાં મોકલ જો મોરાર.

મોરનો આવો ટહુકાર, વનરાઈનું સૌંદર્ય ને પહાડનો પડછંદો મનાયો છે. મોરલાની પાછળ ઘેલાં બનેલાં લોકોએ એમાં મીઠાશ અને કરુણતા બંને દીઠાં છે. લોકો એના અવાજને મેહના આગમનની છડી જ પોકારાતી હોય તેમ માને છે. મોરના ટહુકાના તેઓ શબ્દો કલ્પે છે કે : 'મે.... આવ...મે...આવ.' એ શબ્દો બેસાડવા માટે બોટી કલ્પના પણ દોડાવવી પડે તેમ નથી. લગભગ એ શબ્દોની આસ-પાસ જ મોરનું ગાન ફરતું હોય છે. ગુજરાતી શબ્દ મોર અને તેનું સંસ્કૃત નામ **મયૂર** પણ આ શબ્દોમાંથી જ આવ્યાં લાગે છે.

આકાશમાં વાદળાં પથરાવા લાગે ને ગડેડાટી થાય ત્યારે મોરનો આનંદ વધી જાય છે. તે આનંદ જીરવી શકતો નથી. પોતાનો એ બધો આનંદ કળા કરવામાં ઠાલવે છે. વાડીના વાડની ઓથ શોધી, આજુબાજુ ઊભેલ ઢેલોના ટોળા વચ્ચે મોર પોતાનાં પીંછાં ઊંચાં કરે છે. પીંછાંનું આડું છત્ર રચાઈ જાય છે–બરાબર અરધું ગોળ, જાણે ચીનાઈ પંખો ઉઘાડયો હોય એવો જ આકાર ઊભો થાય છે. આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

29668 48J1/6
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપમા પણ એની કળાને ન શોભે. મોરને માથે જાણે અસંખ્ય આંખોનું રાસમંડળ રચાઈ જાય છે. એના અકેક પીંછાના અણુએ અણુમાં ભરચક રૂપ ભર્યું હોય છે. આવાં અસંખ્ય પીંછાનુ રૂપ એક સાથે પ્રગટ થાય પછી એમાં શી કમીના રહે?

આવી અજબ રૂપાળી કળા કરીને મોર થનગન નાચવા લાગે છે. પાંખો હલાવતો એ કૂદકીઓ ફર્યા કરે છે. બંને બાજુની લાલ પાંખો નીચે નમાવી યંત્રની પેઠે તે એકધારી હલાવ્યા કરે છે. પીંછેપીંછેથી જાણે ઝણઝણાટી ઊભી થાય છે. એમાંથી સૂ....ઊ....સૂ....ઊ એવો અવાજ નીકળ્યા કરે છે. દૂર ઊભા હોઈએ તોપણ સંભળાય. આ અવાજને લોકો ઝણ્ય કહે છે.

આસપાસ ઊભેલી ઢેલો એનો નાચ નીરખ્યા કરે છે. લોકો પણ આસપાસ આવતાંજતાં આમ નૃત્ય નીરખવા ઊભાં રહી જાય છે. મોરનું આ નૃત્ય જોઈને લોકો આશ્ચર્ય પામી ગયાં છે. એનું નૃત્ય જોતાં લોકો કદી થાકતાં નથી. તેના નૃત્યનાં વખાણ કરતાં પણ તેઓ કદી થાકશે નહિ.

આખા પંખીસમાજમાં ફરી વળો. નૃત્ય તો ઘણાં યે પંખી કરે છે પણ મોરને પટાવી જાય તેવું તો નૃત્ય કોઈ પંખીનું નહિ. મોરનું નૃત્ય જોઈને મોટા મોટા નૃત્યકારો પણ એનાં અનુકરણ કરે છે. એના નૃત્ય પરથી જ એનાં કળાયત્ન, કલાપી, કલાધર એવાં અનેક નામ પડયાં છે.

પેલા સૌન્દર્યપ્રેમી મોગલ બાદશાહ શાહજહાનને તો તમે જાણો છો ને? મોરના આ નૃત્યનું સૌંદર્ય તેની આંખોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસી ગયું. એ રૂપને સામે રાખીને તેણે દુનિયામાં અજોડ એવું સોનાનું તખ્તે-તાઉસ (મયૂરાસન) બનાવરાવ્યું. વર્ષો સુધી એ મયૂરાસન દિલ્લીના મોગલ દરબારને સોહાવતું રહ્યું ને છેવટ તેને નાદીરશાહ લૂંટી ગયેલો.

લોકો માને છે કે મોરને આ નૃત્ય કરતાં બહુ જોર પડે છે અને તેથી એની આંખમાંથી આંસુ ટપકે છે. આ આંસુ ઘણાં પાતળાં હોય છે. આ આંસુને ઢેલ ઝીલી લે છે અને એમાંથી ઈંડાં થાય છે એમ લોકો માને છે. પણ એ વાત ખોટી છે. આંસુ એટલાં બધાં પાતળાં મનાય છે કે ઢેલ ઝીલે તે પહેલાં તો તે વરાળરૂપે ઊડી જાય છે. આ તો લોકોની કલ્પના. એ કલ્પના પરથી તદ્દન પાતળી છાશ માટે આપણે ત્યાં કહેવાય છે કે : 'મોરનાં આંસુ જેવી છાશ.'

મોરને અને મેહને શો સંબંધ હશે? શા માટે તે ચોમાસામાં આવું સુંદર નૃત્ય કરતો હશે અને આટલું બધું ટહુકતો હશે? એનો સ્વાભાવિક આનંદ જ હશે કે મેહની ગડગડાટીને કારણે એના હૈયામાં કોઈ ફડકો પડતો હશે? આજના જમાનામાં ગામડાને પાદર અચાનક થતા મોટરના ભૂંગળાના અવાજથી પણ મોર એટલો જ ટહુકી ઊઠે છે, પણ એ ટહુકારમાં બીકનો ફફડાટ હોય છે. ચોમાસાના ટહુકારની મીઠાશ-નથી હોતી.

આનંદમાં કે....હું....ક....કે....હું...ક ટહુકાર કરતો મોર ભય વખતે કિયે...કિયે....એવી તીણી ચીસ પાડે છે. ટોળામાં રખડતાં અને આહાર વીણતાં વીણતાં એ ટોંક ટોંક કે ઢેકુંક....ઢેકુંક....એવા શબ્દો બોલે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા પંખીસમાજમાં જમીન પર વસનારાં પંખીઓમાં સૌથી મોટું પંખી મોર. પાણીકાંઠે વસનારાંમાં સૌથી મોટાં સારસ. જમીન પર વસનારાં પંખીઓમાં સૌથી તીવ્ર અને લાંબો અવાજ મોરનો. પાણીકાંઠે વસનારાં પંખીમાં સૌથી તીવ્ર ને લાંબો અવાજ સારસનો. જેમ સારસનો અવાજ નદીના કાંઠાની આરપાર થતો ને હવાના પડદા વીંઝતો ચાલ્યો જાય છે તે જ રીતે મોરનો અવાજ વનરાઈ ગજવતો, પહાડમાં પડછંદા પાડતો અને હવા વીંઝી સૂસવતો ચાલ્યો જાય છે.

અને મોરનો આ ચોમાસુ ટહુકાર થાય છે ત્યારે વાતાવરણ કેવું હોય છે ? કાળું ઘેરું ચોમાસું જામ્યું હોય, ઝરમર ઝરમર કે ત્રમઝટ મે વરસતો હોય, માનવી ઘરની અંદર ભરાઈ બેઠો હોય—આવા વાતાવરણમાં એકલદોકલ માનવીની શી સ્થિતિ થાય ? એને પોતાનાં સ્વજન સાંભરે. વિયોગી સ્ત્રીઓએ પોતાનો ભાવ ગીતરૂપે ગાયો કે :

મોર બોલે મધુરી વાણ રે, નીંદરા નાંવે રે–

આ વખતની સ્થિતિ ગાયકોએ નીચે પ્રમાણે વર્ણવી :

આષાઢ વરસે એલીએ, ગાજવીજ ઘમઘોર,
તેજી બાંધ્યા તરવરે, ને મંધરા બોલે મોર.
મંધરા બોલે મોર તે મીઠા,
ઘણુમૂલાં સાજન સપનામાં દીઠાં,
કે' તમાચી સુમરો, રિસાણી ઢેલ ને મનાવે મોર,
આષાઢ વરસે એલીએ, ગાજવીજ ઘમઘોર.

મોરના ટહુકારે ટહુકારે તો અનેક વિયોગીઓ રડ્યાં હશે. લોકસાહિત્યમાં એના ઘણાયે પુરાવા મળી આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિયોગ તો કાંઈ માનવીનો જ થોડો હોય છે ? દેશનો વિયોગ પણ પરદેશ પડેલા માનવીને સાલે છે.

પેલા ઓઢા-હોથલની વાત જાણો છો ને ? ઓઢાને મોટાભાઈએ કચ્છમાંથી દેશવટો દીધેલો. બાલણિયા ઠાકોરની સાંઢો વાળવા જતાં ઓઢાને એકલમલ નામનો સાથી મળી ગયો. એકલમલ એટલે પુરુષને રૂપે આવેલી પદ્મણી હોથલ જ ને ? ઓઢો ને હોથલ પરણ્યાં ને કાઠિયાવાડના કનરા ડુંગરમાં વસ્યાં. આ ડુંગરમાં આનંદ કરતાં દસ દસ વરસ વીતી ગયાં છે. એક દિવસ ઓઢો ડુંગર ઉપર એક શિલા માથે બેઠો છે, ત્યાં તો :

ઉત્તર શેડયું કઢિયું, ડુંગર ડમ્મરિયા,
હેડો તહકે મચ્છ જીં સજણ સંભરિયા.

આકાશમાં ઉત્તર દિશાએ વાદળાં ઘેરાયાં, ડુંગર પર કાળાં ડમ્મર વાતાવરણ ઘેરાયાં અને ઓઢાને પોતાનું વતન કચ્છ યાદ આવ્યું. તે ઉદાસ થઈ ગયો. એ જ વખતે હોથલ આવી. તેણે ઓઢાનો ચહેરો ઉદાસ જોયો. એ જ વખતે મોરલાનો ટહુકાર થયો અને હોથલ બોલી :

મત લવ્ય મત લવ્ય મોરલા, લવતો આયો જ !
એક તો ઓઢા અણાહરો, ઉપર તોંજી ધા.

હે મોર ! તારો લવારો મૂક અને ઊડી જા. એક તો ઓઢો ઉદાસ છે અને ઉપર તું ધા કયાં નાખે છે ? તું ઊડી જા, નહિ તો તીર ચડાવીને તને મારીશ. તેં ઓઢાને ઉદાસ કરી મૂકયો. મોરલો જાણે જવાબ આપે છે કે, અમે તો ડુંગરના મોર. અમારી ઋતુ આવે ન ટહુકીએ તો હૈયાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફાટી જાય. આમ કહેતો મોરલો કે...હુક....કે....હુક ટહુકવા લાગ્યો. હોથલે તીર ચડાવ્યું. ઓઢે હાથ ઝાલી લીધો. હાં... હાં....હોથલ ! ગાંડી ન થા. ડુંગરની ખીણે ખીણમાં ટહુકતા કેટલાક મોરને તું મારી શકીશ ?

કરાયલકે ન મારીએ, જેજ્જાં રત્તાં નેણ,
તહ બેઠાં ટહુકા કરે, નિત સંભારે સેણ.

ઝાડ પર બેસી ટહુકતા અને વહાલાંને યાદ કરતા મોરને મરાય ?

આવા મોર માટે સ્ત્રીઓએ પણ રાસડા ગાતાં બંધી ફરમાવી કે :

મોરલાને નવ મારીએ રે,
ડુંગરાનો રખવાળ, મારા વાંલા !

સ્વજનને સંભારી દેતો મોરલો લોકોની કરુણ કલ્પનાઓનું જાણે વાહન બની ગયો છે. એક રાજાની રાણી મોરલા પર મોહી પડેલી તે ગીત તમે સાંભળ્યું છે ?

રાજાની રાણી રોજ નદીએ પાણી ભરવા જાય. નદીની આસપાસ ઊભેલાં ઝાડવાં પર રહેતા રૂપાળા મોરને જોયા અને તેના પર તેને અનહદ પ્રેમ થયો. રોજ બે તો પાણી ભરવા જાય અને મોરને નીરખવા નદીએ મોડે સુધી રોકાય.

એક દિવસ નણંદે રાજા પાસે ચાડી ખાધી. રાણીનું મોરલા પરનું આ હેત રાજા ન જોઈ શક્યો. તેને અદેખાઈ આવી. મોરને મારવા તે નિશાન તાકીને ગોખે બેઠો. મોરને ચેતવવા માટે પાણી ભરવાને બહાને રાણી નદીએ ચાલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોર તો રાણીને જોઈને હમેશની પેઠે ગેલ કરતો પાણી ડહોળવા લાગ્યો :

ઘંડો ભરે ને મોર ડોળી ડોળી નાખે જો,
રાજનો કુંવરડો ગોખે જોઇ રયો.

રાણી મોરને સમજાવે છે કે :

ઊઠયે મોરલિયા, આંખે આડવે બેસ્યે જો,
રાજનો કુંવરડો હમણેં મારશે.

પણ આનંદમાં આવી ગયેલ મોરલો ન માન્યો અને

પહેલે ભડાકે મોરાલયો ઉડાયો જો,
બીજે ને ભડાકે મોરને મારયો.

રાજાએ મોર મારી નાખ્યો એટલેથી જ વાત ન પતી. એણે તો મરેલ મોરને ઘેર મંગાવ્યો અને રાણીને જ તેનું શાક કરી આપવા કહ્યું.

શાક સુધારે ને આંસુડાંની ધારું જો,
છમકારે ને મોરલિયો વઘાર્યો.

રાજા તો જમવા બેઠો. રાણીને પણ જમવા માટે તેણે આગ્રહ કર્યો. પણ રાણીની આંખમાંથી તો આંસુની ધારા ચાલી જાય છે. રાણીએ તો ઉપવાસ આદર્યા. રાજાને હવે રાણીના મોર પરના સાચા પ્રેમનો ખ્યાલ આવ્યો. તેણે તો મહેલની ભીંતે ભીંતે, બેડાં અને સાળુ પર મોર ચીતરી આપવા કહ્યું પણ એ મોરલા કાંઈ બોલે ખરા ? રાણી એ મોરલા સાથે જ બળી મરી.

આવો રૂપાળો મોર જ્યાં સુધી મેઘ રોકાય ત્યાં સુધી જ પોતાનું રૂપ સાચવે છે. અષાઢ પૂરો થઈ શ્રાવણ વીતે ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાદરવો આવે ત્યાં તો મોરનું નૃત્ય થંભી જાય છે, એનો ટહુકાર અટકી જાય છે, અને મોર તેની કળાનાં પીછાં ખેરી નાખે છે. દિવાળી આસપાસ તો મોર સાવ બાંડો થઈ જાય. એક વખત કળાથી શોભતો મોર કળા વિનાનો હોય ત્યારે જોવોયે ન ગમે. મોઢા પરથી જાણે તેજ હરી લીધું હોય એવો જ લાગે. લગભગ આખો શિયાળો તે બાંડો ફર્યા કરે. આનંદમાં કળા કરી નાચતો ચોમાસાનો મોર કયાં અને બાંડો થઈ ગયેલો શિયાળાનો મોર કયાં ! શિયાળો ઊતરતાં એ નવાં પીછાં મેળવવા લાગે છે. આકાશમાં વાદળાંના થર બંધાય એ પહેલાં તો મેઘને વધાવવા નવો રૂપસિંગાર ધારણ કરીને મોર તૈયાર થઈ જાય છે.

મેઘ આવવાને વખતે મોરને નવાં પીછાં આવે છે તેથી લોકો માને છે કે મોરને અને વરસાદને કાંઈક સંબંધ હોવો જોઈએ. બરી રીતે તેવું કશું જ નથી. દરેક પંખી બચ્ચાં ઉછેરી લીધા બાદ દર વરસે એક કે બે વાર પોતાનાં જૂનાં પીછાં બેરવી નાખે છે, એ જ રીતે ચોમાસું ઊતરતાં ઈંડાંમાંથી બચ્ચાં નીકળે છે ત્યારે મોર પણ પોતાનાં પીછાં બેરવી નાખે છે.

બીજાં પંખીઓનાં પીછાં થોડાં થોડાં બરતાં જાય છે અને નવાં પીછાં પુરાતાં જાય છે. તેમનાં પીછાં નાનાં હોય છે તેથી આ ફેરફાર એકદમ નજરે નથી ચડતો, પણ મોરની કળાનાં પીછાં ઘણાં મોટા હોય છે તથા એક સાથે જ બરી પડે છે તેથી એકદમ ધ્યાન બેંચી લ્યે છે.

મોર ઈંડાં સેવવા માટે માળો સામાન્ય રીતે વાડ વચ્ચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે. નાની લાકડીઓ, કરાંઠી, ખડ, પાંદડાં અને કૂચાનો એ માળો બનાવે છે. કયારેક જૂના ખંડેરના કોક ખૂણામાં કે ઝાડની બખોલમાં પણ ઈંડાં મૂકે છે. કયારેક ગીધે બાંધેલા માળાનો ઉપયોગ કરવાનું તે ચૂકતો નથી.

ઈંડાં પાંચથી સાત મૂકે. ઈંડાં નાળિયેરના ગોટાથી નાનાં હોય. ઈંડાંનો આકાર લંબગોળ. એક બાજુ થોડાંક અણીદાર. રંગ ભૂખરો સફેદ હોય છે. જોવાથી જરાય આકર્ષણ ઊભું ન કરે તેવો એ રંગ હોય છે—જાણે મોરનું રૂપ રચવામાં ઈંડાં માટેયે સારો રંગ નહિ વધ્યો હોય.

પંખીના કેટલાક અભ્યાસીઓ તો નિયમ તારવે છે કે અતિ સુંદર પંખીઓનાં ઈંડાં રંગ વિનાનાં હોય છે અને રંગ વિનાનાં પંખીનાં ઈંડાં સુંદર હોય છે. આ નિયમમાં અપવાદ હોય છે, પણ મોરની બાબતમાં આ નિયમ સાચો લાગે છે.

ઈંડાંના આવા રંગ પરથી આપણામાં કહેવત છે કે "મોરનાં ઈંડાં કાંઈ ચીતરવાં પડે?" મોરને રૂપાળો બનાવવા ઈંડાંને ચીતરવાની જરૂર નથી—મતલબ કે બાનદાન બોલાદને બહારના રૂપરંગની જરૂર નથી હોતી.

ઈંડામાંથી બચ્ચાં બહાર નીકળે ત્યારે તરત હરી-ફરી શકતાં નથી. બચ્ચાં હરતાં-ફરતાં થઈ જાય ત્યાં સુધી ઢેલ માળો છોડતી નથી. મોરનો મોટો આધાર પગ પર. બચ્ચાંના પગ મજબૂત ન થાય ત્યાં સુધી ઢેલથી માળો કેમ છોડાય? એ સ્થિતિમાં ઢેલ મરી જાય તો બચ્ચાંની શી સ્થિતિ થાય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકની માતા જ એ કલ્પના સમજી શકે. તેથી જ નાના બાળકવાળી મા મરી જાય ત્યારે સ્ત્રીઓ છાજિયાં લેતાં ગાય છે કે :

હાય વોય રે.....કૂવામાં ઢેલ વિયાણી,
હાય વોય રે.....એનાં નાનાં બચ્ચાં,
હાય વોય રે.....એને કોણ બચરાવશે ?
હાય વોય રે.....એને કોણ પિવરાવશે ?

છોકરીઓ પણ દેદો કૂટતાં આ જ ગીત ગાય છે.

મોર સમૂહચારી પંખી છે. આખો દિવસ ચારો કરીને રાત્રે ભેગાં થઈ એકાદ ઝાડ માથે રહે છે. રાતે પણ તેઓ મળે તો ગીધનો જ માળો પચાવી પાડે છે. બાળસુ શિકારીઓ રાત્રે ઝાડ પર ચડી એને પકડી લ્યે છે. રાત વખતનો મોરનો કળેળાટ કોઈના પણ હૃદયમાં ચીરા પાડે તેવો હોય છે.

મોર માટે મારા મનમાં બે દૃશ્યો આબેહૂબ આલેખાઈ ગયાં છે.

એક પાળિયાદનો ધરતીકંપ: ભૂકંપના આંચકા વખતે આખી ધરતી ધણેણતી હતી. ધરતીના પેટાળમાં થતા ગડેડાટ સાંભળીને આજુબાજુ ચાર–પાંચ ગાઉમાં વસતા મોર કળેળી ઊઠતા. એક તો મોરનો પ્રચંડ અવાજ અને તેમાં વળી એક સાથે ચાર–પાંચ ગાઉમાં બેઠેલા મોર એક સાથે કળેળી ઊઠે–જાણે આકાશના પડદા તોડી નાખતા હોય એવા ભયાનક પડછંદા ઊભા થતા. સવાર, બપોર, સાંજ અને મધરાત એ પડછંદા પડ્યા જ કરતા. ધરતીના પેટાળની ધીમી ગડેડાટી પણ એ પંખી સાંભળી શકતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું દૃશ્ય માણેકવાડાનું પાદરઃ ગામને ચારે બાજુથી ઢાંકી દેતાં અને ઘેરી વળતાં આંબલીઓનાં ઘેરાં ઝુંડમાં અસંખ્ય મોર રહે છે. ગિરનારને પ્રવાસે જતાં આ ગામ રસ્તામાં આવેલું. ત્યાંથી પસાર થયા ત્યારે આટલા બધા મોરને જોઈ ને એક ટીખળી વિદ્યાર્થીએ બ્યૂગલ ફૂંકયું. એ જ વખતે કોઈ શિકારીએ મોર પર બંદૂકનો ભડાકો કર્યો.

આ બે અવાજથી ભેળાકળા થઈ ઊઠેલા અસંખ્ય મોરલા એક સાથે કળેળી ઊઠ્યા અને વાતાવરણ ચીરતો અવાજ એક કાનમાંથી બીજા કાનમાં ચાલ્યો ગયો. હજીયે એ પ્રસંગ યાદ આવતાં નજર સામે આંબલીનાં ઝુંડ, અસંખ્ય મોરલાનો કાન ચીરતો અવાજ જાણે વાતાવરણમાં પડઘા પાડતો પસાર થઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ : સફેદ મોરલો

મોરની બીજી એક સુંદર જાત કુદરતને બેાળે જોવી હોય તો તમારે બ્રહ્મદેશ જવું પડે, પણ એ બધાને માટે શકય કયાં હોય છે ? જો કદી મોટા શહેરનું ચીડિયાંખાનું જોવા જઈ ચડો તો આ મોરને જોઈ લેજો.

આ મોર નખથી શિખ સુધી એકસરખો સફેદ હોય છે. શરીરનાં આકાર અને ઘડતર તો આપણા મોર જેવાં જ, માત્ર રંગમાં ફેર. એ મોરનુંયે અજબ રૂપ હોય છે. વિવિધ રંગથી ભરપૂર આપણો મોર અંધકારઘેરી તારાજડિત રાતનું રૂપ રજૂ કરે છે, આ સફેદ મોર જાણે રૂપેરી રસથી રસેલી ચાંદની રાતનો આભાસ ખડો કરે છે.

એનું પીછેપીછું અને રૂંવાડે રૂંવાડું સફેદ–કયાંયે ડાઘ નહિ–લીટી નહિ. સાધુપુરુષના હૃદય જેવો જ નિર્મળ જાણે ! જોતાં જોતાં આપણી આંખોમાંયે સફેદ રંગ પાથરી દે. એકલા સફેદ રંગમાંયે અનુપમ રૂપ હોય છે એ સફેદ મોર સાબિત કરે છે.

રૂપના ભેદ સિવાય જીવનના બીજા વ્યવહારમાં આ મોર આપણા મોર જેવો જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચતુર પંખી

પોપટ



ભાઇ ગાયુંના ગોવાળ, ભાઇ ગાયુંના ગોવાળ,
મારી માને એટલું જ કે'જે–
કે પોપટ ભૂખ્યોય નથી, કે પોપટ તરસ્યોય નથી,
પોપટ આંબા કેરી ડાળ, પોપટ સરવરની પાળ,
પોપટ કાચી કેરી ખાય, પોપટ પાકી કેરી ખાય.
પોપટ ટ.....ટું.....કા કરે.

પોપટ તો મોટો થયો છે. માએ કહ્યું : દીકરા કમાવા જા. ડાહ્યોડમરો પોપટ પરદેશ કમાવા ચાલ્યો. દૂર દૂરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામ જઈ તળાવની પાળે આંબાની ડાળે બેઠો. ત્યાંથી ગાયોનો ગોવાળ ઘણ લઈને નીકળ્યો. પોપટે તો તેને પોતાની માને કહેવા ઉપલો સંદેશો કહાવ્યો.

ગોવાળે કહ્યું : ના ભાઈ, મારી ગાયો ચાલી જાય. જોઈએ તો એક ગાય લઈ લે. પોપટે તો એક મજાની ગાય લઈ લીધી અને આંબાને થડે બાંધી.

એ પછી તો ભેંસ, બકરી, ઘેટાં, ઊંટ, હાથી વગેરેના ગોવાળ નીકળ્યા ને બધા પાસેથી પોપટને એક એક જનાવર મળ્યું. પોપટ તો તેમને પાસેના શહેરમાં લઈ ગયો અને વેચી નાખ્યાં. હજારો રૂપિયા આવ્યા તે પોતાની પાંખમાં ભર્યા અને ઊડ્યો ઘર તરફ.

ઊડતો ઊડતો મોડી રાતે ઘેર પહોંચ્યો. તેણે તો જઈને ઘરનાં બારણાં બખડાવ્યાં:

મા,.....મા,
બારણાં ઉઘાડો,
શરણાઇયું વગડાવો,
તળાઇયું પથરાવો,
પોપટભાઇ પાંખ ખંખેરે.

માએ તો બૂમ નાખી : 'જા મારા રોયા! મારા પોપટને નામે અત્યારે કોણ ચોર આવ્યો છે? મારો પોપટ તો પરદેશ કમાવા ગયો છે.'

પોપટ તો મોટી મા, કાકી બધાંને ઘેર ફરી વળ્યો, પણ કોઈએ બારણાં ન ઉઘાડ્યાં.

છેવટ બેનને ઘેર ગયો. બેને તો તરત બારણાં ઉઘ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાવ્યાં, ગાદલાં પથરાવ્યાં અને શરણાઈવાળાને બોલાવ્યો. પોપટ તો પાંખમાંથી અ....નનનન, અ...નનનન કરતો રૂપિયા બેરવવા લાગ્યો. રૂપિયાના અવાજથી તેની બા, મોટી મા અને કાકી વગેરે દોડી આવ્યાં. બધાંને પોપટે ખૂબ ખૂબ રૂપિયા આપ્યા, પણ એ રહ્યો તો બેનને જ ઘેર.

આવી તો પોપટની અનેક વાતો બાળકોને કહેવાય છે. પોપટની અનેક પંખીઓ સાથે સરખામણી થાય છે—બાસ કરીને કાગડા સાથે. એ બધાંમાં પોપટને જ માનભર્યું પદ મળે.

સ્ત્રીઓના રાસડામાં ને લગ્નનાં ગીતોમાં તેમ જ ભજનોમાં પણ એને આગળપડતું માન મળે છે. લોકકથાઓમાં અને પુરાણોમાં પણ એના પ્રત્યે માનની નજરે જોવાય છે.

શા માટે ?

એના દેહનો ઘાટ આંખને ગમે તેવો છે તે કારણે, એના દેહનો રંગ આંખને ઠંડક આપનાર લીલો છે એ કારણે, એની જીભ માનવીની વાચા થોડી ઘણી બોલી શકે છે તે કારણે.

એનો લીલો રંગ આંખને પસંદ પડી જાય એવો છે એ તો સાચું. પણ એના દેહનો ઘાટ તો ખરેખર મનોહર. મજાના ઘાટીલા દેહ નીચે અણીદાર પૂંછડી લટકતી હોય. પાંખો પણ તરવારની અણી જેવો વળાંક લેતી હોય. માથે હાથ મૂકીએ તો ફરી ફરીને હાથ ફેરવવાનું મન થાય એવો એ આકાર.

પણ એનું મોટું આકર્ષણ તો એની જીભ જ. ઘણાંયે પંખીઓ મનોહર ગાન ગાય છે, પણ તેઓ કાંઈ માનવીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષા બોલી શકે છે ? પોપટની આ શક્તિને કારણે પુરાણ કાળથી એને પીંજરામાં પૂરવામાં આવ્યો છે.

રાજા, વિદ્વાન કે ગરીબ માણસને ઘેર ઘેર એનાં પાંજરાં લટકતાં હોય છે. રાજાનો માનીતો બનીને પોપટ રોજ રાજાને સવારના પહોરમાં જગાડે, પંડિતોનો માનીતો બનીને રોજ સવારમાં સ્તોત્રો ગાય, ભક્તલોકોનો માનીતો બનીને 'પઢો પોપટજી સીતારામ' એવા જપ જપે. સામાન્ય માણસોને 'આવો! બેસો!' વગેરે બોલી આનંદ આપે. આથી તે બાળક અને બુઢ્ઢા, સ્ત્રીઓ અને સંતો–બધાંને વહાલો છે.

સ્ત્રીઓ લગ્નગીતમાં ગાય છે કે :

લાજ ભણે રે લખમી કયે ઘેર જશું,
જે ઘર પોપટ-પાંજરાં

જે ઘેર પોપટનાં પાંજરાં હોય તે ઘર રિદ્ધિવાળું ગણાય અને લક્ષ્મી પણ સામેથી ચાલીને ત્યાં જાય. આવા પોપટને કોઈ આંગળી ચીંધે એ સ્ત્રીઓને કેમ ગમે ? એવો એક પ્રસંગ પણ બની ગયો.

નાનાભાઇ કાંઇ ચડ્યા રે શિકાર,
વનમાં જઇને રે સૂડલો ઝાલ્યેા, માણારાજ !
નાની વહુ કાંઇ ધાન ન ખાય,
શિયે ને અપરાધે સૂડલો ઝાલિયેા, માણારાજ !
આપણા બાગમાં એળચડીનાં ઝાડ,
લાલી ને એલચીએ ચાંચું ચેાડિયું, માણારાજ !

આમ ઘણી ઘણી રીતે સૂડાને શણગાર સજાવ્યા હશે ત્યારે નાની વહુ માન્યાં હશે.

પણ આ બધાંથીયે સૌથી વધારે માન તો આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તકવિ નરસિંહ મહેતાએ પોતાના પ્રભાતિયામાં જ આપ્યાં છે. સવારના પહોરમાં 'રામ રામ' જેવા રૂડા જાપ જપતા એ પોપટને તેમણે કેવો લડાવ્યો છે :

પઢો રે પોપટ રાજા રામનામ, સતી સીતા પઢાવે,
પાસે રે બાંધી પાંજરું, રૂડાં નામ જપાવે.

રામનામ જપતાં એ પોપટ માટે ભક્ત કેવી તૈયારી કરે છે !

પોપટ તારે કારણે લીલુડા વાંસ વઢાવું,
એનું રે ઘડાવું પોપટ પાંજરું, હીરલા-રતન જડાવું.

આવા સુંદર પાંજરામાં બેસાડ્યા પછી પોપટને કાંઈ ભૂખ્યો રખાય છે ?

પોપટ તારે કારણે શી શી રસોઇયું બનાવું !
સાકરનાં રે કરી ચૂરમાં, ઉપર ઘી પિરસાવું.

છેલ્લી કડીમાં ભક્તકવિ એ જ લીટીમાં પોપટનું વર્ણન ઉચ્ચારે છે કે :

પાંખ લીલી ને પગ પાંડુરા, ઠોંર કાંકલો કાળો,
નરસિંહ મેતાના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો.

નરસિંહ મહેતા જેવા ભક્તકવિએ પોપટને મુખે સીતાજીની પાસે રામનામ શા માટે જપાવ્યાં હશે ? એ વિષે એક કરુણ કથા લોકો કહે છે.

ઋષિ વાલ્મિકિ પાસે તેમના આશ્રમમાં એક પોપટ–પોપટીનું જોડું રહેતું. એક વખત ઋષિ મિથિલા આવ્યા અને રાજા જનકને એ જોડું ભેટ આપી ગયા. સીતાજીએ પિતાજી પાસેથી આ પોપટ–પોપટી માગી લીધાં અને પોતાના મહેલમાં પીંજરામાં રાખ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે પોપટ-પોપટી આશ્રમમાં હતાં ત્યારે વાલ્મિકિ રામકથા લખતા હતા. એ રામકથા તેમને યાદ રહી ગયેલી. રોજ સવારે પોપટ-પોપટી રામકથા બોલ્યા કરે. એમાં તો સીતાજીનું નામ પણ આવ્યું. સીતાજીને તેમાં રસ પડ્યો. તેઓ તો છાનાંમાનાં એ કથા સાંભળવા લાગ્યાં. છ દિવસ એ વાત ચાલી. સીતાજીને રાવણ લંકામાં ઉપાડી ગયો ત્યાં એ વાત છઠ્ઠે દિવસે અટકી.

સીતાજીએ પોપટને કહ્યું : 'વાત આગળ ચલાવ્ય !'

પોપટે કહ્યું: 'બસ, આટલે સુધી જ મને વાત આવડે છે.'

પોપટને બરોબર ત્યાં સુધી જ વાત આવડતી હતી, કારણકે વાલ્મિકિએ ત્યારે એટલે સુધી જ રામકથા લખેલી.

સીતાજી ન માન્યાં. એમણે તો હઠ લીધી ને પોપટને ધોદાવવા લાગ્યાં. ન આવડતી હોય એ વાત પોપટ કયાંથી કહે ? સીતાજી એને બાળહઠમાં મારતાં જ ગયાં, ને તે મારથી પોપટ મરી ગયો. પોપટના વિયોગથી પોપટી પણ માથું પછાડીને મરી ગઈ.

મરતાં મરતાં પોપટી સીતાજીને શાપ દેતી ગઈ કે, 'અમારા જોડાને જેમ વિયોગ પડ્યો એમ આઈ, તનેયે પડજો !' સીતાજીને પાછળથી દુઃખ તો થયું, પણ હવે શું થાય ?

એ જ પોપટ-પોપટી અયોધ્યામાં ધોબી અને ધોબણ સરજ્યાં. લંકાના યુદ્ધ પછી રામ-સીતા અયોધ્યા પાછાં આવ્યાં. સીતાજી વિષે તેઓ એક રાતે આડું બોલતાં હતાં તે રામે સાંભળ્યું. રામે સીતાજીને વનવાસ મોકલી દીધાં. આ રીતે આગલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભવમાં સીતાજીને કારણે મરી ગયેલાં પોપટ-પોપટી ધોબી-ધોબણને રૂપે સીતાજીને વનવાસ મોકલવામાં કારણ બન્યાં.

આ તો થઈ લોકકથા. પુરાણોમાંયે પોપટની વાતો ઠેર ઠેર મળી આવે છે. પરીક્ષિત રાજાને આખું મહાભારત સંભળાવનાર શુકમુનિ. એ શુકમુનિ પણ પોપટનો અવતાર મનાય છે.

કહેવાય છે કે શંકર અને પાર્વતી કેટલાંયે વર્ષોથી આનંદમાં જીવન વિતાવ્યે જતાં હતાં. ટીખળી નારદજીને આ ન ગમ્યું. કાંઈક ઝઘડો થાય તો જોવાની તેમને ભારે મજા પડે.

એક વખત પાર્વતીજી એકલાં બેઠાં હતાં ત્યારે નારદજી ત્યાં પહોંચી ગયા. વાતવાતમાં તેમણે પાર્વતીજીને કહ્યું : 'તમે આખો દિવસ 'શંકર શંકર' કહ્યા કરો છો, પણ એમણે તમને મહામંત્ર શિખડાવ્યો છે ?'

પાર્વતીજી કહે : 'ના, ના. મહામંત્ર એટલે શું વળી ?'

નારદજી કહે : 'એટલો હજી ભેદ-નહિ તો શંકર એ મહામંત્ર તમારાથી અજાણ્યો રાખે ?' આટલું કહી નારદજી ચાલ્યા ગયા.

પાર્વતીજી શંકરથી રિસાયાં. છેવટ શંકર મહામંત્ર કહેવા તૈયાર થયા. જે કોઈ એ મહામંત્ર સાંભળે તે મોક્ષ પામે. અપાત્ર હોય તેનાથી આ મંત્ર ન સંભળાય. આ કારણે હિમાલયના વનમાંથી એમણે બધાં પશુ-પંખીને રજા આપી દીધી. ત્યાર પછી મહામંત્ર કહેવો શરૂ કર્યો. મહામંત્ર તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ એમ અખંડ સાત-સાત રાત-દિવસ સુધી ચાલ્યો.

સાતમે દિવસે પાર્વતીને ઊંઘ આવી ગઈ અને હોં.... કારો ન દઈ શકયાં. ત્યાં તો પાસેના એક ઝાડમાંથી શંકરને હોંકારો મળ્યો. જઈને જુએ તો બખોલમાં પોપટનું એક બચ્ચું બેઠેલું.

બધાં પંખી ઊડી ગયેલાં ત્યારે આ બચ્ચું તદ્દન નાનું હતું એટલે ઊડી શકેલું નહિ. તેણે મહામંત્ર સાંભળ્યો એટલે તેની પાંખોમાં ચેતન પુરાયું. શંકર એ પોપટના બચ્ચા પાછળ પડયા. આગળ પોપટ અને પાછળ પોતે.

તીરવેગે ઊડતો પોપટ છેવટ થાકયો. પાસેના આશ્રમમાં વ્યાસમુનિનાં પત્ની બેઠેલાં. તેમના મોંમાંથી પોપટ પેટમાં ઘૂસી ગયો. શંકર વર્ષો સુધી વ્યાસજીની ઝૂંપડીએ બેઠા પણ પોપટ બહાર ન નીકળ્યો. છેવટે શંકરે તેને અભયદાન દીધું. પોપટ વ્યાસજીનાં પત્નીને પેટે પુત્રરૂપે જન્મ્યો. એ પુત્રનું નામ શુકમુનિ. મહામંત્રને કારણે તે મહાજ્ઞાની થઈ ગયેલા એટલે જન્મતાંવેંત સંસાર છોડીને ચાલતા થયા.

પુરાણકાળની વાત જવા દઈએ. આજના જમાનાના કવિ શામળભટ્ટે તેની 'સૂડા બહોતેરી'માં પોપટની બોતેર વાતો લખી છે.

ભોજ રાજાને વિક્રમના સિંહાસનની બત્રીસ પૂતળીઓએ વાર્તા કહેલી તેમ 'સૂડા બહોતેરી'માં વાર્તા કહેનાર સૂડો છે. એક હતી બાઈ. બાઈનો પતિ ઘણાં વરસથી પરદેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયેલો. બાઈનું મન તો બગડ્યું. બાઈ તો રાતને વખતે પરપુરુષ પાસે જવા તૈયાર થઈ.

બાઈનો પતિ ઘેર એક પઢાવેલો પોપટ મૂકી ગયેલો. પોપટ બાઈનું મન પારખી ગયો. તરત તેણે બાઈને સારા આચારની એક વાર્તા કહેવી શરૂ કરી. બાઈ તો સાંભળવા બેઠી. વાર્તા સાંભળતાં રાત પસાર થઈ ગઈ ને દિવસ ઊગી ગયો. બાઈ બહાર જતી અટકી ગઈ.

બીજી રાત્રે પાછી બાઈ બહાર જવા તૈયાર થઈ. વળી સૂડાએ બીજી એક વાર્તા શરૂ કરી. આમ રોજ વાર્તા કરતાં બોતેર રાત વીતી ગઈ. બોતેરમે દિવસે બાઇનો પતિ પરદેશથી પાછો આવ્યો અને બાઇને સૂડાએ પતિના હાથમાં સોંપી.

પોપટ આટલું બધું બોલી શકે એ તો માત્ર કવિની કલ્પના જ છે. પઢાવેલ શબ્દો તો એ બોલી શકે છે, કયારેક સાંભળેલી વાત પણ બોલી શકે તેટલી એનામાં યાદશક્તિ છે.

તેની આ યાદશક્તિને કારણે પંડિતો તેમને પાળતા અને શ્લોકો પઢાવતા. પોપટની જેમ જ બોલી શકનાર મેના–સારિકા. સારિકાને પણ તેઓ પાળીને પોપટની સાથે લટકાવતા. પછી તો પોપટ અને મેના, નર અને માદા ગણાઈ ગયાં.

'કાદંબરી' નામના મોટા વાર્તા–પુસ્તકમાં તો પરિહાસ નામના પોપટનું કાલિન્દી નામની મેના સાથે વાજતે ગાજતે લગ્ન પણ કરી નાખવામાં આવ્યું છે. કયાં તદ્દન લીલા રંગનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોપટ ને કયાં તદ્દન કાળી મેના! ચાંચ, આંગળાં ને શરીરના ઘાટમાં બંનેનો મેળ પણ કયાં મળે છે? બંને પંખીની જાત તદ્દન જુદી છે.

આ રીતે ઠેર ઠેર વાર્તાઓમાં આવતા પોપટને આપણી સ્ત્રીઓ કેમ ભૂલે? તેને ભાતભાતનાં ભરતમાં કંડારી લીધો છે. ઓશીકાના ગલેફ અને તોરણ, ઈંઢોણી અને પડદા, થેલીઓ અને ચંદરવામાં ઠેર ઠેર પોપટને ચીતરી દીધો છે.

આવા ચતુર પોપટનું નામ વધારે ભણતરિયા છોકરા માટે વાપરતાં લોકો કહે છે કે 'આ તો ભણીભણીને પોપટ થઈ જવાનો.'

કેટલાંક પંખીનાં નામ પરથી આપણા લોકોએ નામ લીધાં છે, તેમાં પોપટનું નામ મોખરે છે–પોપટલાલ નામ તમને ઠેર ઠેર સાંભળવામાં આવશે.

આમ અનેક રીતે આપણાં જીવન અને ગીત, વાર્તાઓ અને પુરાણોમાં સંકળાઈ ગયેલ પોપટ તરફ આપણી નજર કેટલી ગઈ છે? આપણે તો એને પાંજરામાં પૂરી દીધો ને રામનામ જપાવ્યા કર્યું. એનું કુદરતી જીવન નીરખવા આપણે નીકળતા નથી. ઘેર બેઠાં નજર સામે પોપટ પાંજરામાં રમતો હોય પછી એનું કુદરતી જીવન નીરખવા કોણ નવરું થાય? પણ પોપટના જીવનનું સાચું સૌંદર્ય તો તેના કુદરતી જીવનમાં જ છે. કેદી પોપટને પાંજરામાં છોડી દો અને ચાલો તેને જંગલમાં નીરખવા. ત્યાં શું દેખાશે?

પાંચ-પંદરથી માંડી પચાસ સુધીની સંખ્યામાં પોપટનાં ટોળાં આપણા માથા ઉપરથી ઊડતાં જતાં હશે. ઊડતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊડતાં એમનાં પાતળાં શરીરને આડાંઅવળાં નચાવ્યે જતા હશે. એમની ગતિમાં કયાંયે રુકાવટ નહિ હોય–જાણે બાણમાંથી હમણાં જ તીર છૂટયાં છે ને સુસવાટ કરતાં નિશાન પાડવા દોડયાં જાય છે. એનાં ઊડતાં ટોળાં સામે નજર કરો–ન કરો ત્યાં તો એ અલોપ થઈ જવાનાં. વીજળીના ઝબકારાની જેમ ક્ષી....ક્ષી એવી ચીંચકારી તેઓ કાનમાં ફૂંકતા જશે.

વીજળીનો ઝબકારો જોયા પછી તે થોડી વાર સુધી આંખ સામે ચમકયા જ કરે, પેાપટની ઊડવાની છટા પણ જોયા પછી થોડીવાર સુધી આંખ સામે તર્યા કરવાની. એની ઊડવાની છટામાં રસ પડયા પછી ગમે ત્યારે તેમને ઊડતા જોશેા અને તમારી નજર ચોંટી જ રહેશે. નદીકાંઠે કે ખુલ્લાં ખેતરોમાં ફરવા જનાર માટે પેાપટનું આ ઉડ્યન આનંદજનક બની જશે. દૂરદૂરથી ક્ષી...ક્ષી...ની એકધારી સીટી વગાડતું એક ટોળું આવતું હોય, નજર કરે ત્યાં તેા એ માથેથી પસાર થઈ જાય. થોડીક મિનિટ બાદ એ ઠેકાણેથી બીજું ટોળું પસાર થતું જ હોય છે.

એની ઊડવાની છટામાં રસ લીધા પછી એના શરીરનેા રંગ પણ જોઈ લઈએ. એના આખા શરીરનેા મુખ્ય રંગ લીલેા. પેાપટના લીલા રંગ પરથી પેાપટિયેા રંગ એવું નામ પણ પડયું છે. એકલા લીલા રંગમાં જે તીખાશ હોય છે એ પેાપટિયા રંગમાં નથી હોતી.

એના રંગની ઝીણવટમાં ઊતરીએ તેા એની પીઠ અને માથા પાસે ઝાંખા વાદળી રંગની ઝલક. પાંખના છેડામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાદળી રંગ ઘેરો થાય. એની પૂંછડીનાં વચલાં પીછાં વધારે લાંબાં અને મૂળમાં વાદળી રંગનાં, બીજાં પીછાંનો રંગ આછો પીળો. પૂંછડીનો અંદરનો ભાગ અને શરીરનો હેઠલો ભાગ આછા પીળા રંગનો. એ ઊડવાની શરૂઆત કરે ત્યારે પૂંછડીનાં પીછાં પંખીની પેઠે પાછળ લટકતાં દેખાય. ઊડવાનો વેગ આવી ગયા પછી તો એ પીછાં તદ્દન સીધાં થઈ જાય.

આખા શરીર પર એક જ રંગ, પણ એના મોઢા પર જુદા જુદા રંગનાં ઘરેણાં કુદરતે પહેરાવ્યાં છે. એની ડોક આસપાસ રાતો કાંઠલો–જાણે ગળામાં હાર પહેર્યો છે. આ કાંઠલો ડોકના પાછલા ભાગે જ હોય, આગળના ભાગે નહિ.

નાકથી આંખ સુધી એક કાળી રેખા. આવો જ કાળો પટ્ટો દાઢી અને ચાંચના નીચલા ભાગ પાસે થઈને ડોકના ગુલાબી પટ્ટાને મળી જાય. ત્રણે ઠેકાણેથી મળતા એ પટ્ટા જાણે ત્રિવેણી–સંગમ જેવો દેખાવ ઊભો કરે.

આ બધા પર જાણે કલગી ચઢાવતું એની ચાંચનું ઉપલું પાંખિયું. એ પાંખિયું ચળકતા કેસરી રંગનું. કેસૂડાની કળી જ માથે ભેરવાડી દીધી હોય એવો વળાંકભર્યો આકાર. ચાંચની આ સુંદરતાને કારણે લોકો સુંદર ઘાટવાળા નાકને 'પોપટ જેવું નાક' કહે છે.

ચાંચની અણી ભારે તીણી–ફળ વગેરે ખાવામાં ને અંદરથી ગર્ભ કાઢવામાં મદદગાર થાય તેવી. નીચલું પાંખિયું ભૂખરા કાળા રંગનું. ઉપલું મોટું પાંખિયું તેના પર બરાબર બિડાઈ જાય છે એટલે તે ભાગ્યે જ દેખાય છે. ઉપલા પાંખિયામાં એક વિચિત્રતા છે–તે ઊંચુંનીચું થઈ શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી જ રીતે એના પગનાં આંગળાં પણ વિચિત્ર છે. મોટા ભાગનાં પંખીઓને ત્રણ આંગળાં આગળ અને એક આંગળું પાછળ હોય છે, પોપટને બે આંગળાં આગળ અને બે પાછળ હોય છે.

પોપટ જેવાં આંગળાં લક્કડખોદ, ટુકટુક અને કોયલની જાતનાં પંખીઓને હોય છે. આંગળાંની આ રચનાને લીધે તેઓ ઝાડ ઉપર સહેલાઈથી ચડી-ઊતરી શકે છે. પગનો રંગ ધૂળિયો લીલો અથવા આપણે જેને 'પાંડુરો' કહીએ છીએ તેવો. આંખ ઝાંખી પીળી લાગે. એ પીળા કૂંડાળામાં કાળું ટપકું દેખાય.

પોપટની માદા શરીરના ઘાટમાં અને રંગમાં નર જેવી જ, માત્ર એને ગળે ગુલાબી કાંઠલો નહિ-વધારે લીલો ચળકતો પટ્ટો ત્યાં દેખાય બસ.

પોપટની જીભ તો ભારે વિચિત્ર જાતની. આગળથી જાડી લોચા જેવી ને પાછળથી પાતળી તોતડા છોકરાની જીભ જોઈ લ્યો. પોપટની જીભ આવી કેમ થઈ ગઈ તે વિષે પુરાણોમાં એક વાર્તા છે.

શિવ અને પાર્વતીજી પરણ્યાં પછી હિમાલયનાં જંગલોમાં આનંદ કરી રહ્યાં છે. ત્યાં આવવાની સહુ કોઈને બંધી ફરમાવી દીધી છે. ચારે બાજુ તેમના ગણોની ચોકી ગોઠવી દીધી છે.

આ સમયે દેવોને દાનવો સામે લડવા એક સેનાપતિની જરૂર પડી, પણ એની માગણી શિવ પાસે કઈ રીતે કરવી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં જવું કેવી રીતે ? આ માટે અગ્નિદેવ તૈયાર થયા. તેમણે હોલાનું રૂપ લીધું અને હિમાલયના જંગલમાં ઘૂસી ગયા.

શંકરના ગણોને તો ખબર ન પડી, પણ હાથી અને પોપટ તેમને ઓળખી ગયા. એ વખતે હાથી અને પોપટ માનવીની જેમ જ બોલી શકતા. તેમણે તો બોલીને અગ્નિદેવ આવ્યાની જાણ કરી દીધી. અગ્નિએ તો બંનેને શ્રાપ આપ્યો કે, 'જાઓ, તમારી જીભ અવળી થઈ જશે અને માનવીની જેમ તમે નહિ બોલી શકો.' હજીયે પોપટ અને હાથીની જીભ અવળી-છેડે જડી અને મૂળમાં પાતળી-છે. પોપટની જીભનો છેડો કરકરિયાવાળો હોય છે.

પોપટનાં ટોળાં સવારના પહોરમાં ફળવાળાં ઝાડ તરફ ઊડી જાય. ઋતુએ ઋતુનાં ફળો પર એનાં ટોળાં ઊતરી પડે. એક ઝાડ પર બેઠાં પછી કલાકો સુધી એ ઝાડને ન છોડે. કયારેક ઝીણી ને કયારેક તીણી ચીસો પાડતા જાય અને ફળ ખાતા જાય. કલાકો સુધી એની તીણી ચીસો સાંભળ્યા કરો પણ નજર નાખવા છતાં પોપટ ન દેખાય. ઝાડના લીલા રંગ સાથે એનો રંગ આબેહૂબ ભળી જાય છે. જ્યારે પોપટ આઘા-પાછા જાય ત્યારે એના સળવળાટથી નજરે ચડે.

જેવી એની ઊડવાની છટા સુંદર છે એવી જ એની ઝાડ પર ફરવાની રીત પણ મનોહર છે. ડાળીએ ડાળીએ તે ફર્યા કરે, નાની પગલી માંડતો જાય, ઉપર ચડતો જાય અને નીચે ઊતરતો જાય.

ઉપર ચડવામાં એ ઘણીવાર ચાંચનો ઉપયોગ કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાંચથી ઉપલી ડાળીને પકડી, આખા શરીરને ઊંચકી ઉપર ચડી જાય છે. કયારેક છેલ્લામાં છેલ્લી ડાળે પહોંચી વળાંક લઈ નીચે ઊતરી જાય. આ વખતે તેની લાંબી લાંબી પૂંછડી આડી આવતી હોય, પણ એને તે ધ્યાનમાંય ન લે. બીચારી પૂંછડી વાંકી વળી જાય, કયારેક તો જાણે હમણાં નીકળી પડશે કે શું એમ જ લાગે, છતાંય પેાપટભાઈ તો એની રમતોમાં અને ફળ ખાવામાં મશગૂલ હોય.

આ રીતે ફરવાથી એના પગમાં ઘણું જોર આવી ગયું છે. બાથી તે એક પગ પર બેસી માણસની જેમ બીજા પગ વતી ફળ પકડી લહેરથી ખાતો હોય છે.

ઝાડની ડાળીએ ડાળીએ ફરવાની એના પગમાં શક્તિ છે પણ તેની જમીન પર બેસવાની શક્તિ નથી. મોટેભાગે એ ઝાડ પર જ વસે, છતાં કયારેક લીલા કોંટા ખાવા માટે જમીન પર આવી પહોંચે. પણ એ બેઠો હોય ત્યારે લંગડા માણસ જેવો જ લાગે. એની લાંબી પૂંછડીને કારણે ચાલવામાં મુશ્કેલી પડે. ચાલતો જાય તેમ તેમ પાછળ લાંબી પૂંછડીનો લિસોટો પડતો જાય. બેતરના કયારામાં પેાપટનાં ટોળાં ફરતાં હોય ત્યારે એની બેડંગતી ચાલ જોવામાં ભારે મજા પડે.

ખાવામાં એ ભારે લાડકો. કોઈ પણ ફળ એ પૂરું ખાય જ નહિ. થોડુંક ચાખી બાકીનું એ નીચે ફેંકી દે. શિયાળામાં બોરડી નીચે જાઓ, ઉનાળામાં લીમડા કે ગુંદા નીચે જાઓ અને ચોમાસામાં જાંબુડા નીચે જાઓ તો એનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધખાધેલાં કેટલાંયે ફળ નીચે પડ્યાં હોય. પોપટે આઈને નીચે પાડેલાં મીઠાં મીઠાં બોર વીણીને બાવામાં નાનાં છોકરાંઓને ભારે મજા પડે, પણ વાડીવાળાને તો એ ભારે નુકસાન કરે.

એ માત્ર ફળને જ આ રીતે નુકસાન કરે છે તેમ નથી, એ તો ફૂલની કૂણી કળીઓ અને પોપટાને પણ થોડાં થોડાં આઈને નીચે ફેંકી દે છે. આ રીતે પોપટ આપણી ખેતીને ભારે નુકસાન કરનાર પંખી છે. બીજાં પંખી તો અમુક અનાજ કે ફળ ખાઈ જાય, પણ પોપટ તો બાય એ કરતાં અનેકગણું બગાડે.

ફળ ઉપરાંત ઘઉં, બાજરી, જુવાર અને મકાઈ પર પણ એ ઊતરી પડે છે. આસામમાં તો એ શેરડીનો રસ ચાખી ગયા છે. શેરડીના અનેક સાંઠાને ફોલી નાખે છે. તેને ઉડાડવા માટે બાસ માણસો ત્યાં રોકવા પડે છે. તેની આ નુકસાનકારક ટેવને કારણે સરકાર તરફથી તેને મારવાની બંધી થઈ નથી. દર વર્ષે વાઘરીઓ હજારો પોપટના માળા પીંખી એનાં બચ્ચાં પકડે છે અને વેચે છે–છતાં પોપટની સંખ્યા એટલી ને એટલી રહે છે !

એકલું ફળ ખાનાર પંખી આપણે ત્યાં હોય તો એ આ પોપટ. લોકો પારેવાંને ફળાહારી માને છે, પણ કયારેક તે જીવ–જંતુ ખાઈ જાય છે–પોપટ તો ભૂલેચૂકેય જીવાતને અડતો નથી.

પકડયા પછી પોપટને જાતજાતની બોલીઓ અને અંગકસરતના પ્રયોગો શીખવવામાં આવે છે. એની કસરતો જોવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો રેલવેના તાર પર નજર નાખજો. ત્યાં બેઠેલાં પોપટનાં ટોળાં જાતજાતના અંગકસરતના ખેલ કરતાં જ હશે.

જેમ ટેલિફોન અને રેલવેનાં તારનાં દોરડાં પર કાળોકોશી અને ચીબરી ઈજારો માને છે તેમ પોપટ રેલવેના પુલની આસપાસ ઝૂલતાં તારનાં દોરડાં પર પોતાનો અધિકાર માને છે. સવારને પહોર કોઈ પણ પુલ પરથી ગાડી પસાર થતી હોય ત્યારે બહાર નજર કરજો—આસપાસમાં પાંચ–પચાસ પોપટ નજરે પડવાના જ.

એનામાં જીવનશક્તિ ઘણી છે. પાંજરામાં પૂરવા છતાં એને ખાસ વાંધો આવતો નથી, ઊલટો એ તો પોતાની મજબૂત ચાંચથી પાંજરું તોડવાના પ્રયત્નો આદરી દે છે. આ કારણે પોપટનાં પાંજરાં લોઢાના મજબૂત સળિયાનાં કરવામાં આવે છે. એવા મજબૂત સળિયા પર પણ એ આખો દિવસ ટોચા પાડતો હોય છે. આ રીતે પાંજરામાં આખો દિવસ તે કસરત કર્યા કરે તેથી એના શરીરને જોઈતો વ્યાયામ મળી રહે છે અને તેની જીવનશક્તિ ટકી રહે છે.

પોપટને બહાર લઈ જવા માટે શોખીન લોકો કોટને કાંઠલે કે હાથ પર બેસાડીને નીકળે છે. પોપટ સાથે વાતો કરતા જાય અને ચાલતા જાય. આ વખતે પોપટ ઊડી ન જાય તે માટે એની પાંખોના છેડા કાપી નાખવામાં આવે છે.

પાળેલા પોપટને ફળફળાદિ તથા ચીભડાં અને સાકરટેટી જેવાં શાક અપાય છે. એને લીલાં અને લાલ મરચાં ખાસ ભાવે. ભૂલમાં જો એને ખાંડ કે મીઠાવાળો ખોરાક અપાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય તો એનું શરીર સડવા લાગે છે અને પીછાં ખરી જાય છે. રાત્રે બિલાડી એના પર તરાપ ન મારે એ માટે પાંજરાને લૂગડાથી વીંટી લેવામાં આવે છે. થોડા દિવસ પાંજરામાં રહ્યા પછી એને બહાર કાઢો તો એ ન ઊડી જાય– સીધો પાંજરામાં ચાલ્યો જવાનો અને સળિયે ચડી બેસવાનો. પાંજરામાં બેઠો બેઠો શીખવેલા બે-ચાર બોલ પઢયા કરે અને સળિયા પર ચડ-ઊતર કર્યા કરે.

કુદરતી જીવનમાં તો એ કી....કી શબ્દવાળું ટૂંકું જ ગાયન ગાય છે છતાં એ કેટલું બધું આનંદજનક હોય છે! તેની ઊડવાની છટા પણ કેટલી મનોહર હોય છે! એની સરખામણીમાં એકાદ-બે બોલ બોલતો પાંજરામાં પૂરેલો પોપટ બીચારો કેવો દયામણો લાગવાનો!

પોપટ તેના માળા મકાનોનાં પોલાણમાં કે ઝાડની બખોલોમાં બાંધે છે. કયારેક પોતાની મેળે પણ ઝાડનાં થડ કે ઝાડની ડાળીઓમાં માળો બોદ્દી લ્યે છે. કયારેક લક્કડ-બોદના માળાનો પણ ઉપયોગ કરી લે–ભલેને પછી લક્કડબોદ સાથે લડવું પડે. માળા મોટે ભાગે ડાળીઓની નીચેના ભાગમાં હોય. માળામાંથી ડબક ડબક ડોક કાઢીને બહાર જોતા ને અંદર જતા–આવતા પોપટને જોવામાં મજા પડે તેવું હોય છે. માળા બોદવામાં તેની મજબૂત ચાંચ તેને કામ આવે છે.

પોપટની ચાંચની મજબૂતાઈનો અદ્‌ભુત દાખલો ન્યૂ-ઝીલેન્ડ નામના દેશમાં જોવાયો છે. ત્યાં 'કી'.....નામના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોપટની એક જાત છે. એ પોપટ પહેલાં જીવ-જંતુઓ ખાતા, પણ એક વખત કોઇ કસાઇને ત્યાં હલાલ કરેલાં ઘેટાંનાં ટિંગાડેલાં ચામઠાંમાંથી તે માંસ ચાખી ગયા. માંસ એમને ગમી ગયું અને પછી તો તેઓ જીવતાં ઘેટાં ખાવા લાગ્યા.



ન્યૂઝીલૅન્ડનો ઘેટાંખાઉ પોપટ (કી-પૅરટ)

ઘેટું ચાલ્યું જતું હોય તેના પર બેસી જાય અને મજબૂત રીતે એની પીઠ પકડીને ચાંચ વડે બાકોરું પાડી નાખે. બાકોરામાંથી માંસ આધે જાય. ખાતાં ખાતાં ધીમી કૂંક મારતા જાય, જેથી ઘેટાને કાંઇ અબર ન પડે. ઠેઠ આંતરડે પહોંચે ત્યારે ઘેટાને અબર પડે-પણ એ પછી તો ઘેટું બચી શકે નહિ-મરી જ જાય. એક વર્ષે તો બે લાખ પાઉંડની કિંમતનાં ઘેટાં આ પોપટોએ મારી નાખ્યાં. આથી ત્યાંના ખેતીવાડી ખાતાએ આવો એક પોપટ મારવા પાંચ શિલિંગનું ઇનામ કાઢ્યું અને આવા પોપટનો સારી પેઠે નાશ કરવામાં આવ્યો.

ઈંડાં મૂકવાને સમયે પોપટ ભારે બીકી ઊઠે. એ વખતે તેના તીણા અવાજમાં મીઠાશ ઉમેરાય અને અવાજ ચાગલો બની જાય. નાનું બાળક કાલાકાલા બોલ બોલે એવી મીઠાશ એની બોલીમાં આવી જાય. કાલા બોલ બોલતો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોપટીની પાસે લટું થતો જાય, એના માથા પર ચાંચો ભરાવે, ચાંચમાં ચાંચ સાંકળી દે અને થનગન કર્યા કરે.

એના માળા ફેબ્રુઆરીથી મે માસ સુધી નજરે પડે– આસ કરીને શિયાળાના દિવસોમાં. ઈંડાં લગભગ ચારથી છ સફેદ રંગનાં મૂકે.

આ પોપટને લોકો મોટે ભાગે સૂડો કહે છે. કોઇ લોકો પોપટના બચ્ચાને સૂડો કહે છે, પણ ત્યાં ભૂલ છે. આ સૂડાના શરીરની લંબાઇ સોળ ઇંચ જેટલી હોય છે. એનામાં બોલ પઢવાની ઝાઝી શક્તિ હોતી નથી તેથી તેને આસ પાળવામાં આવતો નથી. તેથી જ એક દુહામાં કહેવામાં આવ્યું છે કે:

પોપટ હોય તો પઢાવીએ, સૂડાને ન હોય સાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. સુરપાણુનો પોપટ

આપણા લોકો ખાસ કરીને જે પોપટને પાળે છે તે સુરપાણુના પોપટ. નર્મદા નદીને કાંઠે સુરપાણ તથા રાજપીપળાનાં જંગલોમાં તે ખાસ કરીને રહે છે—હિંદનાં બીજાં ઠેકાણે પણ છૂટક છૂટક રહે છે ખરા.

એના શરીરની લંબાઈ બોગણીસ ઇંચ. આપણા સૌથી મોટા પોપટ તે આ જ. ભરાવદાર અને દમામદાર દેહને લીધે તે સુંદર દેખાય છે. એની પાંખો પર લાલ રંગનું અરધા પૈસા જેવડું ફૂંડાળું. આ લાલ લાખા પરથી તે એકદમ ઓળખાઈ જાય.

કાંઠલો તો એનેય ખરો, પણ એની માદાને કાંઠલો નહિ. લોકોને ઘેર ઘેર પાંજરાંમાં જોવામાં આવે છે તે આ જ પોપટ. એની ઝાડ પર ફરવાની છટા, ઊડવાની રીત, ઈંડાં મૂકવા વખતનો આનંદ અને જીવનનો બધો વ્યવહાર આપણા સૂડાની જેવો જ. એ પણ ઝાડની બખોલમાં માળા બાંધીને શિયાળામાં ઈંડાં મૂકે.

મહાન સિકંદર હિંદ પર ચડી આવેલો તેણે આ પોપટ જોયા અને તેને પસંદ પડયા. મોરની સાથે તે પોપટને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળતી વખતે પોતાની સાથે યુરોપમાં લેતો ગયો. યુરોપમાં તે પહેલાં પોપટ હતા જ નહિ. આ પછી પોપટ ત્યાં વધી પડયા. સિકંદર એને યુરોપમાં લઈ ગયેલો તેથી તેનું એક અંગ્રેજી નામ સિકંદરના નામ પરથી પડયું છે.

સિકંદર સિવાય રોમન બાદશાહ નીરોના નોકરો મિસરમાં આવેલા, તેઓ પણ પોપટને લેતા ગયેલા. જાતજાતની વાણી બોલતા આ રંગરંગીન પંખીને જોઈને રોમન લોકો ખુશ-ખુશ થઈ ગયા. તેમણે તો ઘેર ઘેર પોપટને પાળ્યો. પોપટને માટે કાચમાની ઢાલનાં અને હાથીદાંતનાં પાંજરાં કર્યાં. પાંજરાને રૂપેરી સળીઓથી મઢયાં અને આંગણે આંગણે લટકાવ્યાં.

પછી તો રોમનોની જીભ સળવળી અને પોપટને મારી મારીને બોલતા કરવા લાગ્યા. પણ એ ઉપયોગ ગાંડાઈ સુધી ન પહોંચે તો રોમન બાદશાહ નહિ! એક રોમન બાદશાહ પોતાના વહાલા સિંહોને પોપટનો ખોરાક આપતો. ધન્યભાગ્ય બીચારા પોપટ ને સિંહ બંનેનાં કે તેઓ રોમન બાદશાહને હાથે પડયા!

*

આપણે ત્યાં એક ત્રીજી જાતનો પોપટ થાય છે. તેનું નામ 'તૂઈ'. માત્ર ચૌદ જ ઇંચનો. માથા પર આસમાની રંગની લાલ છાયા. આના પરથી તે એકદમ ઓળખાઈ જાય. ભાષા શીખવામાં આ પોપટ આપણા બધા પોપટથી ચડી જાય તેવો છે. જંગલમાં તેનું રહેઠાણ. ટોળામાં ન રહે. મોટે ભાગે એકલો જ ફર્યા કરે. એના જીવનનો બધો વ્યવહાર આપણા પોપટ જેવો જ.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણ હિંદમાં તદ્દન નાના પોપટ થાય છે. માત્ર છ ઇંચનું જ શરીર. ભવિષ્ય ભાખનારા કે જોશીનો ધંધો કરનારા આવા નાના રૂપકડા પોપટને પાળે છે. તેઓ ભવિષ્ય લખેલાં પાંદડાં બંધ કરીને પાથરણા પર ફેલાવી દે છે. લોકો પોપટને પૈસા આપે છે અને પોપટ તેમાંથી એક પાંદડું ચાંચથી ખેંચીને લોકોને આપે છે. લોકો એમાં પોતાનું ભવિષ્ય વાંચતાં રવાના થાય છે.

આ પોપટના રંગ પીળા અને લીલા ચળકતા હોય છે. તેમાં કાળા રંગનાં પટ્ટા કે ટપકાં સુંદર ભાત પાડતાં હોય છે.

આ પોપટમાં એક ભારે વિચિત્રતા હોય છે. તે ઊંધે માથે સૂએ ને દક્ષિણ હિંદમાં થતી નાળિયેરીઓ પર તાડી માટે બાંધેલ ઘડામાંથી તાડી પીધા કરે. બળ તાડી પીધા પછી ઘેન ચડે ને અડવડિયાં ખાય. આ વેળાએ શિકારીઓ તેમને પકડી જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુશળ માછીમાર

કલકલિયો

'ન્ઞ્ઞોદ કાઢે રે તારું, મારા રોયા!' એવી ગાળો દેતાં અને ગોળાનું ઢાંકણું ઢમઢળાવતાં મામી સવારના પહોરમાં જ બારણામાં પગ દેતાં સામાં મળ્યાં. કોને પોંખી રહ્યાં છે તે ન સમજવાથી મેં મન્નકમાં પૂછ્યું: 'પણ મારો કાંઈ વાંકગનો બરો?'



સફેદપેટો કલકલિયો

મારો સવાલ સાંભળીને છોભીલાં પડી જતાં મામી હસીને બોલ્યાં: 'શું તમેય તે ભાણાભાઈ! તમને ગાળ દે એની જીભ તૂટે. આ તો પેલો કલકલિયો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારના પહોરમાં મોભારા પર બેસીને બોલી ગયેા એને ઉડાડતી હતી. કોણ જાણે કેવાયે કંકાસમાં દી જશે !'

મને યાદ આવ્યું. ફળિયામાં પગ દેતેા હતેા ત્યારે મોભારાને એક છેડે બેસીને કલકલિયેા કીલીલીલીલીલીલી એવું તીણું ગાન ગાતેા હતેા. મને તેા એ સાંભળીને આનંદ થયેલેા, પણ લોકેા માને છે કે કલકલિયેા ઘર પર બેસે તેા ઘરમાં કંકાસ થાય. આથી તે બીચારેા મામીના મેાઢાની ગાળેા સાંભળી ગયેા.

કલકલિયે લોકેાનું કાંઈ બગાડ્યું નથી, ઊલટું સવારના પહોરમાં હમેશાં તે મધુર ગાન સંભળાવે છે. તેના ઈંડાં મૂકવાના દિવસેામાં તેા વળી એ વધારે મધુર ગાન ગાય છે, છતાં લોકેાએ તેા એની બોલીથી ઘરમાં કંકાસ થાય છે એમ માનીને એને અપશુકનિયાળ ઠરાવી દીધેા છે. અલબત્ત, અપશુકનનું નિવારણ પણ ઘરગથ્થુ જ ઊભું કરી દીધું છે—ગોળા પરનું ઢાંકણું ઢબઢબાવે એટલે અપશુકન મટી જાય ! એની અપશુકનિયાળ ગણાતી 'કીલીલીલીલીલીલી'વાળી બોલીને જ કારણે લોકેાએ એનું નામ કલકલિયેા પાડી દીધું છે. પાણીકાંઠે વસતા બીજા કલકલિયાની બોલી આવી નથી, છતાંયે એમને પણ એ જ નામ અપાયું છે.

જેની બોલી આટલી અપશુકનિયાળ મનાય એ કલકલિયા તરફ આપણા લોકેા નજર શાના નાખે ? જો વહેમ છોડીને કલકલિયાને નીરખે તેા તેમને જરૂર દુઃખ થાય કે, 'અરેરે, કેવું સુંદર પંખી ! વહેમમાં ને વહેમમાં આટલેા વખત એના તરફ નજર પણ ન નાખી !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારના પહોરમાં તમારા ઘર આસપાસ એના 'કીલી-લીલીલીલી' બોલ સંભળાય તો બહાર નીકળીને નજર ફેંકજો. કોઈ ઝાડની ઊંચી ડાળીએ, કોઈ થાંભલાની ટોચે કે ઘરને મોભારે તે બેઠો હશે. આસપાસના પ્રદેશ પર એનો અધિકાર હોય એવા દમામથી એ નજર ફેંકતો હશે.

એના દમામમાં એના દેહના મનોહારી રંગો શોભા પૂરે છે. એના આખા શરીરથી અર્ધા કદની એની ચાંચ ઊજળા કેસરિયા રંગની હોય છે. ચાંચનો નીચલો ભાગ વધારે કેસરિયો. એ ચાંચમાંથી જ રંગ ઢળતો ઢળતો લાલ થઈને હેઠો ઊતર્યો છે. એ લાલ રંગ એના મોંએ અને આંખે, એની ડોકે અને ગરદને, થોડોક પીઠે અને પડખાંએ ઝીલી લીધો છે. ઢળતો ઢળતો એ રંગ ઠેઠ પગ માથે થઈને પૂંછડીનાં નીચલાં પીછાં સુધી પહોંચી ગયો છે.

આ ચળકતા લાલ રંગ સાથે વાદળી રંગે હરીફાઈ માંડી છે. એની પાંખ, કેડ તથા પૂંછડી પરનાં પીછાં પર આછો વાદળી રંગ બેસી ગયો છે. કલકલિયાના શરીર પર લાલ રંગથી નીચલું સ્થાન મળ્યું તેથી ખિજાયો હોય તેમ બાકી પર વાદળી રંગ ઘેરો બની ગયો છે.

લાલ રંગની નીચેના ભાગમાં શોભતો તદ્દન સફેદ રંગ લાલ રંગને વધારે ભભક આપે છે. સફેદ રંગનો લિસોટો એની દાઢી અને ગળાએ જાણે ઝીલી લીધો છે અને છાતી અને પેટ પર થઈને તે ચાલ્યો જાય છે-જાણે લાલ રંગ સફેદને શોભાવે છે ને સફેદ રંગ લાલ રંગને શોભાવે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના આ સફેદ પટ્ટાને કારણે જ આ કલકલિયાનું અંગ્રેજી નામ 'સફેદપેટો કલકલિયો' પડ્યું છે.

લાલ રંગ એ સફેદ રંગથી પોતાની શોભા વધારીને અભિમાન લે તે પહેલાં પેલી વાદળી રંગની પાંખો પહોળી થઈને કહે છે: 'હરખાઈ જા મા–હરખાઈ. સફેદ રંગ તો આ બેઠો મારી વચ્ચે પણ.' અને પાંખ પહોળી થતાંમાં તો એની વચ્ચેના સફેદ પટ્ટા ઝલક મારી ઊઠે છે.

કાબર અને દેવચકલીની પેઠે પાંખ વચ્ચે પડેલા આ સફેદ પટ્ટા એના વાદળી રંગને શોભાવે છે, પણ કલકલિયો બેઠો હોય ત્યારે એ પટ્ટાને છુપાઈને બેસી રહેવું પડે છે, કલકલિયો ઊડે ત્યારે માત્ર એ દેખાય.

પણ હરીફાઈ કરતાં કરતાં આ રંગો કલકલિયાના શરીરને ઓર તો શોભા આપી રહે છે. તેમનાથી પંખી–જગતનાં રૂપાળાં પંખીઓમાં કલકલિયાને આગળપડતું સ્થાન મળી જાય છે. કલકલિયો બેસે કે લચક લેતો ઊડે ત્યારે એ બંને રંગોના ભભકની છોળ્યો ઊડે છે. ઊડતો ઊડતો જમીનના આછા વાતાવરણને કે આકાશના આસમાની પટને એ અનેરી શોભા આપે છે.

આ કલકલિયાના શરીરમાં આવા ત્રિવિધ રંગો શોભા આપવા શા માટે આવી પહોંચ્યા હશે? એ વિષે બાઈબલ સાથે જોડાયેલી એક દંતકથા યુરોપમાં કહેવાય છે.

જ્યારે આ જગતની ઉત્પત્તિ થઈ ત્યારે મહા જળપ્રલય થયેલો. જ્યાં જુઓ ત્યાં જળબંબાકાર. બધું ડૂબવા લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુએ તેમના પુત્ર નોઆહને કહ્યું: 'એક મોટા વહાણમાં આ જગત પર વસતી જાતનાં એકેએક પ્રાણીને લઈને નીકળી પડો. જેટલાં તારી સાથે હશે તેટલાં બચશે.'

નોઆહ તો વાહન લઈને નીકળી પડ્યા. આ રીતે પૃથ્વી પર એકસો પચાસ દિવસ પાણી રહ્યાં. પછી પાણી ધીમે ધીમે ઊતર્યાં. પવન વાયો અને પૂરાં પાણી ઊતર્યાં છે કે નહિ તે જોવા નોઆહે કાગડાને મોકલ્યો, પણ તે પાછો ન આવ્યો. તે પછી હોલાને મોકલ્યો, તે પણ ન આવ્યો. એ પછી તેમણે કલકલિયાને મોકલ્યો.

એ વખતે કલકલિયો તદ્દન રંગ વિનાનો હતો. કલકલિયો તો ઝપાટે ઊડ્યો અને જમીન પર જવાને બદલે ઊંચે આસમાનમાં પહોંચી ગયો. આસમાનમાં જવાથી એનું શરીર આસમાની રંગથી રંગાઈ ગયું. કલકલિયો તો આસમાની રંગથી ખુશખુશાલ થઈ ગયો.

આનંદમાં ને આનંદમાં કલકલિયો ઊડ્યે જ જાય છે. ઊડતાં ઊડતાં ઠેઠ સૂર્ય પાસે એ પહોંચી ગયો. નજર કરે તો સામે સૂર્ય મહારાજ અજબ તેજે પ્રકાશી રહ્યા છે. એ તો બાલહનુમાનની જેમ સૂર્યને પકડવા દોડ્યો. સૂર્યની પાસે જતાં તેના પ્રચંડ અગ્નિથી કલકલિયાનાં આગલાં અંગો લાલલાલ રંગે રંગાઈ ગયાં, પણ અગ્નિની ઝાળ અડતાં જ કલકલિયો દાઝી ઊઠ્યો અને ચીસો પાડતો પાણીમાં જઈ પડ્યો– પાણીની ઠંડકથી એને ટાઢક વળી.

પણ આ દરમિયાન નોઆહ તો વહાણ લઈને ત્યાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાલ્યા ગયા હતા. તેમના વહાણની શોધમાં હજીયે કલકલિયો પાણી માથે ઊડ્યા કરે છે અને નકામા આંટા માર્યા કરે છે.

કલકલિયાને આવે કારણે રંગ મળ્યા કે નહિ તે અલ્લા જાણે, પણ આ કલકલિયો પાણી આસપાસ ઊડવાની દંત-કથાને આજે તો ખોટી પાડી રહ્યો છે. અલબત્ત, બીજી જાતના કલકલિયા પાણી પરથી આહાર મેળવે છે ખરા, પણ આ કલકલિયો તો પાણી પર આહાર મેળવવા કયારેક જ જાય છે.

જ્યારે પાણી સુકાય ને આડાઅવળા ચિયાંમાં જીવાત અને માછલાં તરફડી ઊઠે ત્યારે ત્યાં એ ખાસ પહોંચી જાય છે, બાકી મોટે ભાગે તે ઊડતો ઊડતો જીવાતને પકડી ખાય છે. આ સિવાય દેડકાં, ગરોળી ને કયારેક કાકીડાને ખાઈ લ્યે અને લોકોના વસવાટમાં ફર્યા કરે.

આખા દિવસમાં તે બાગબગીચા કે શેરીબજારનાં ઝાડો પર ઊડ્યા કરે. રેલવે કે ટેલિફોનના તારની લિજ્જત પણ માણી લ્યે અને લોકોના વસવાટની તદ્દન પાસે આવીને ઘરને મોભારે કે કોઈ થાંભલે બેસીને સવારના પહોરમાં કીલીલીલીલીલી ગાન ગાયા કરે. અલબત્ત, એ સ્ત્રીઓનાં મોઢાંની ગાળો પણ થોડીક ખાઈ લ્યે અને પથ્થરનો ઘા દેખી રવાના થાય.

ગમે તેમ થાય તોયે કોઈ પ્રાણી પોતાનો મૂળ સ્વભાવ ભૂલી શકે ? આ કલકલિયો વરસનો મોટો ભાગ પાણીથી દૂર રહે છે, પણ ઈંડાં મૂકવા માટે તો એ પાણીકાંઠે જઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચે છે. પાણીની પાસે નદીની લેખડ કે કૂવાની બખોલમાં તે પોતાનો માળો બનાવે છે. માળો પોતાની મજબૂત ચાંચથી જમીનમાં એ કોરી કાઢે છે.

માળો ત્રણ-ચાર ફૂટ ઊંડો હોય છે. છેવાડાના ભાગે પહોળો થઈ ને ઓરડી બની જાય છે. તેની અંદર કલકલિયો માર્ચથી જુલાઈ માસમાં પાંચ-છ તદ્દન સફેદ રંગનાં ઈંડાં મૂકે છે.

ઈંડાં સેવાય ને બચ્ચાં મોટાં થઈ જાય કે કલકલિયો પાછો લોકોના વસવાટ વચ્ચે આવી પહોંચે ને પોતાના ચળકતા રંગની છોળો ઉડાડ્યા કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. કાબરચીતરો કલકલિયો

વાયુ અને ઇન્દ્રધનુને ઘેર એક કન્યા જન્મી. કન્યાનું નામ પાડ્યું હાલ્સીઓન. હાલ્સીઓન તો મોટી થઈ અને તેને સેઈકસ નામના ગ્રીક રાજાને પરણાવી. બંને વચ્ચે અપાર હેત. આનંદ-કલ્લોલમાં વર્ષો વીતી ગયાં.



કાબરચીતરા કલકલિયાનું જોડું

એક વખત રાજા સેઈકસને પરદેશ જવાનું થયું. રસ્તામાં તોફાની દરિયો આવે. હાલ્સીઓનને સાથે કયાંથી લઈ જાય? છૂટાં પડતાં બંનેને ભારે દુઃખ થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર દિવસ તો વહાણ શાન્તિથી ચાલ્યું ગયું. પણ પાંચમે દિવસે પ્રચંડ વાવાઝોડું ચડી આવ્યું. ડુંગર જેવડાં મોજાં ધસી આવ્યાં અને વહાણના ભૂકા બોલી ગયા. રાજા સેઈકસ વહાણનું એક પાટિયું પકડીને દરિયામાં ગોથાં આવા લાગ્યો, પણ છેવટ તેના પર મોજાં ફરી વળ્યાં અને હાલ્સીઓનનું નામ લેતાં તે પાણીને તળિયે જઈ બેઠો.

આ બાજુ હાલ્સીઓન તો રોજ સેઈકસની રાહ જુએ છે, અને રોજ સવારે જ્યુનોદેવીને મંદિરે જઈને પ્રાર્થના કરે છે. પણ તેનો પતિ તો મરી ગયો છે. જ્યુનોદેવીએ તો નિદ્રારાણીને મોકલી અને હાલ્સીઓનને સ્વપ્નું આવ્યું – જાણે સેઈકસ તેને મળવા આવ્યો છે. તેનાં વાળ અને કપડાં લથબથ ભિજાઈ ગયાં છે અને પોતાના અવસાનની વાત એને કરી રહ્યો છે.

ઝબકીને હાલ્સીઓન જાગી અને દરિયે દોડી. થોડી વારમાં રાજા સેઈકસનું મડદું પાણીને કાંઠે આવી તેના પગ સાથે ભટકાયું. વિયોગમાં ઝૂરતી હાલ્સીઓન પાસેના બડક પર ચડી અને પોતાના શરીરને દરિયામાં ફેંકી દીધું. વાયુદેવે તેને પંખીનું રૂપ આપી દીધું, તેના પતિને પણ પંખી બનાવ્યું. આ પંખી તે કલકલિયો. હજીયે તે પ્રેમી જોડું દરિયા પર એકબીજાની સાથે રહીને ઊડયા કરે છે.

ઉત્તરાયણના સાત દિવસોમાં આ કલકલિયાનું જોડું દરિયાના જળ પર તરતા માળા મૂકતું. મોજાં સાથે એમના માળા ન તણાઈ જાય તે માટે વાયુદેવે ત્યારે દરિયાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોજાંને શાંત પાડી દીધાં. આ પરથી ઉત્તરાયણના દિવસોને યુરોપમાં 'હાલ્સીઓન-ડેઝ' કહે છે.

પંખી-જગતમાં સફેદપેટા કલકલિયાને ભલે સુંદર સુંદર રંગ મળ્યા પણ તે પોતાનું મૂળ વતન છોડીને જમીન પર જઈને વસ્યો છે. પરિણામે તેને નદી, નાળાં કે તળાવડાંને શોભાવતી ઊડવાની છટા નથી મળી. એ તીરવેગી અને નિશાનવેધક ઊડવાની છટા તો કાબરચીતરા કલકલિયાને મળી છે.

મચ્છુની કાળીઘેરી પાટોમાં અને ભાવનગરના બોર તળાવના બંધમાં, ભીમચાસના ઘરામાં અને ગિરનારની વચ્ચે આવેલ તાંતણિયા ઘરામાં નાહવાનું ભૂલીને આ કલકલિયાનું નિશાનવેધક ઉડ્ડયન ફાટયે મોઢે મેં જોયા જ કર્યું છે. સાથે નાહતા મિત્રોએ મને હડબડાવીને જાગ્રત કર્યો છે કે, 'ત્યાં શું જોઈ રહ્યો છે? ચાલને નાહવા! કોશિયો ધૂબકો મારવો છે કે પલાંઠંયો?'

અને જ્યારે જ્યારે આવે ઠેકાણે કપડાં ધોવા ગયો છું ત્યારે પણ કપડાં કપડાંને ઠેકાણે રહ્યાં છે અને આ પંખીની ઊડવાની છટા જ મેં નીરખ્યા કરી છે. આ પંખીમાં એવી તે ઊડવાની કઈ છટા છે કે જેણે મારું આટલું બધું ધ્યાન ખેંચી લીધું છે?

એ ઊડવાની છટાનું સૌન્દર્ય તો નજરે નીરખીને જ માણી શકાય એવું છે. વર્ણન એની પાસે ફિક્કુંફ્ચ લાગશે.

આ કલકલિયો પોતાના શરીરને પાણીની સપાટીથી દસથી માંડીને ત્રીસ ફૂટ સુધી ઊંચે ઊડતો ઊડતો પાંખો પર જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોળી રાખે છે. નજર કરીએ તો એની પાંખો જાણે ઊડતી બંધ થઈ ગઈ લાગે અને શરીરને તેણે અદ્ધરોઅદ્ધર જાદુથી તોળી રાખેલું દેખાય.

અતિ વેગે ફરતો ભમરડો ઊંઘી ગયેલો દેખાય તેમ અતિ વેગે ફફડાવી રહેલ કલકલિયાની પાંખો બંધ થઈ ગયેલ દેખાય. સાચું શું છે એ નક્કી કરવા નજર માંડીએ ત્યાં તો આકાશમાંથી વીજળી પડે એમ એ 'ધ....ણ' અવાજ કરતોકને પાણીમાં પડે. એના પડવાથી પાણીમાં ફાગ ચડે. ફાગની સાથે કલકલિયો બહાર માછલી સાથે નીકળી આવે. ચી....રી....રીક....ચીરીરી....ક એવા આનંદ-કોલ કોલતો તે કયાંક આસપાસમાં જઈ બેસે અને ખોરાક ઉડાવી આવે.

વળી પાછો આવીને પાણી માથે તોળાઈ રહે, વળી પાણી સામે તાકી રહે, તેના શરીરનું નિશાન ફેંકે અને માછલી મેળવીને નિરાંતે ભોજન કર્યા કરે. આમ આખો દિવસ એનો વહેવાર ચાલ્યા કરે.

નદીએ સ્ત્રીઓ લૂગડાં ધોવા આવી હોય, અજાણમાં તેમની પડખે પાણીમાં ગોળાની પેઠે ધ....ણ દઈને કલકલિયો પડે. સ્ત્રીઓ તેના આ અચાનક અવાજથી ભડકી ઊઠે અને બીજે બળીને કલકલિયાને ગાળો સંભળાવે.

પેલા સફેદપેટા કલકલિયાને લોકોના વસવાટમાં જતાં ગાળો મળે, આ કાબરચીતરો કલકલિયો લોકોના વસવાટથી દૂર પાણીકાંઠે વસે છે તો સ્ત્રીઓએ એ ઠેકાણે સામેથી આવીને ગાળો સંભળાવી—પૂરો નસીબદાર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કાબરચીતરો કલકલિયો પાણીમાં વસતી માછલીઓ અને બીજાં જીવડાં ખાઈને જીવે છે. તેમને પકડવા માટે તેના આ ટૂંકા ઉદ્યનમાં ભારે કુશળતા મેળવી લીધી છે. કયારેક માછલી દેખાતાં એ તીરવેગે પાણી પર પોતાનું શરીર ફેંકે છે.

ભલભલા શૂરવીર ફેંકેલું તીર કે છોડેલી ગોળી પાછી ખેંચી શકતા નથી–આ કલકલિયામાં એ તાકાત છે. અર્ધે અંતરે આવતાં માછલી છટકી ગઈ દેખાય તો કલકલિયો પોતાના શરીરને કાબૂમાં લઈને ત્યાંથી જ પાછો વળી જાય છે.

એથીયે આગળ વાત. કલકલિયાની પોતાની જ ચાંચમાંથી માછલી પડી જાય તો લચક લઈને અતિ વેગે તે નીચે જાય છે અને માછલી પાણીમાં પડે તે પહેલાં જ અદ્ધરેઅદ્ધર તેને પાછી મેળવી લ્યે છે. પાણીકાંઠે રહેતી લાલ સમળીની ચાંચમાંથી કયારેક આહાર પડી જાય તો સમળી પહોંચે તે પહેલાં આડો પડીને આ કલકલિયો એ લઈ જાય છે.

આખો દિવસ એનું આ રીતે માછલી મારવાનું કામ ચાલ્યા કરે. આ કામમાં તેણે ભારે કુશળતા મેળવી લીધી છે, જે પરથી એનું અંગ્રેજી નામ માછીમારોનોયે રાજા એવું પડ્યું છે. માછીમારોને તો જાળની જરૂર પડે, કલકલિયો તો પોતાની શરીરશક્તિથી જ માછલાં પકડ્યા કરે.

કયારેક ત્રણ–ચાર કલકલિયા એક ઠેકાણે ભેગા થઈને આ જાતનો શિકાર ખેલે છે, કયારેક એકબીજા સાથે સહકાર કરે અને કયારેક અંદરોઅંદર હરીફાઈ ચલાવે. આ વખતે તેમની ઊડવાની છટા વધારે આકર્ષક બની જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુદરતે પણ જાણે એને આવા ઉદ્યન માટે અનુકૂળ શરીર આપ્યું છે. ચાંચ જુઓ તો લાંબી ને અણીદાર, પહોળી એટલી કે પાણીમાં પડતાંવેંત ઉઘાડે કે માછલી અંદર આવી જ જાય.

પાંખ એના શરીરના કદના પ્રમાણમાં મોટી અને તાકાતવાળી. આખો દિવસ પાંખ પર જ ઊડવાનું અને તેના પર જ બધા ખેલ ખેલવાના એટલે પાંખ પૂરેપૂરી તાકાતવાન.

પગની એને ખાસ જરૂર નહિ એટલે પગ શરીરના પ્રમાણમાં નાના અને નિર્બળ. ઊડતી વખતે પગ પેટ વચ્ચે સંકેલાઈ જાય, જરાય આડા ન આવે. ઓછા ઉપયોગને લીધે પગ એટલા નિર્બળ થઈ ગયા છે કે બેસવામાંયે કલકલિયાને મુસીબત પડતી દેખાય.

પૂંછડી મોટી હોય તો એનાં પીછાં ઊડવામાં આડાં આવે. એ કેમ પોસાય? એટલે પૂંછડી તદ્દન નાની. આખો દિવસ એ શરીરને તીરવેગે ઝીંકયા કરે છે તેથી જાણે પૂંછડી ઘસાઈ ઘસાઈને ટૂંકી થઈ ગઈ છે.

આ રીતે તેનું દરેક અંગ એના ઉદ્યનને અનુરૂપ થઈ ગયું છે. પરિણામે તેના શરીરને એક પ્રચંડ અણીદાર ગોળાનું સ્વરૂપ મળી ગયું છે. આથી તે વાતાવરણ અને પાણીને જરાય રુકાવટ વગર સડસડાટ વીંધી શકે છે.

ઊડવામાં આટલી કુશળતા મેળવનાર આ કલકલિયાને રૂપરંગની આસ પડી નથી. કાળા અને સફેદ ચટાપટાથી કાબરચીતરા દેખાતા આ કલકલિયાના રંગનું રૂપ ખાસ છે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. પાણી પર મોજાંનાં લહેરિયાં પડે તેમ એના સફેદ પેટ પર અને પીઠ પર કાળા રંગનાં વળિયાં પડે છે.

માથું અને કાન કાળાં. પીઠ, વાંસા ઉપરનાં પીછાં તથા પાંખો કાળી. પીછાંના છેડા સાથે જ છાતીએ આડા કાળા પટ્ટા. પૂંછડી મૂળમાં સફેદ અને છેડેથી કાળી. ચાંચ અને પગ કાળાં.

આવા આછા રંગે પાણીકાંઠે શોભતો આ કાબરચીતરો કલકલિયો નવરાશ મળતાં લહેરથી કોઈ પથ્થર માથે બેસી જાય છે. બેઠો બેઠો હળવે સાદે ચી....રી....રી....ક ચીરીક... એવા બોલ બોલે છે. બોલતો બોલતો પૂંછડી ઊંચી-નીચી કર્યે જાય છે. આમ તે પોતાનો નવરાશનો આનંદ દેખાડે છે.

ફેબ્રુઆરીથી એપ્રિલ તેનો ઈંડાં મૂકવાનો સમય. એ વખતે તે વધારે ઊડ્યા કરે અને બોલ્યા કરે. ત્યાર બાદ નદીકાંઠે ભેખડમાં ચાંચથી બખોલ બોતરી લ્યે. તેમાં પાંચ-છ સફેદ રંગનાં ઈંડાં મૂકે.

શિકારી પંખીઓની જેમ આ કલકલિયો પણ તેનો વધારેપડતો આહાર માળામાં બેઠી નાખે છે. આથી તેનો માળો માછલીનાં હાડકાં વગેરેથી ગોબરો ગોબરો થઈ જાય છે. કલકલિયો તો એમાંથી ઝીણાં ઝીણાં હાડકાં ભેગાં કરીને ઈંડાં માટે માળો બનાવી નાખે છે અને તેના પર જ ઈંડાંને સેવે છે અને બચ્ચાંને ઉછેરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. રંગરંગીન કલકલિયો

લોકોના વસવાટ વચ્ચે આપણે સફેદપેટા કલકલિયાને જોયા. એથી આગળ ચાલ્યા અને લોકોના વસવાટ પાસેના પાણીકાંઠા પર રહેતા કાબરચીતરા કલકલિયાને જોયા. ચાલો, એથીયે આગળ વધીને દૂર દૂરના એકાંત પાણીકાંઠા પર એક ત્રીજો કલકલિયો વસે છે. એને આપણે રંગરંગીન કલકલિયો કહેશું.



તીરછો ઊડતો રંગરંગીન કલકલિયો

આ રંગ-રંગીન કલકલિયો પેલા બંને કરતાં ઘણો નાનો છે, પણ રૂપમાં બંનેને ટપી જાય તેવો છે. ચાલો તેનું રૂપ નીરખી લઈએ.

ચકલી જેવડું સાતેક ઇંચનું એનું ટીનઆણુકું શરીર. એ નાના શરીરનાં પીછે પીછે મનોહારી રંગ ભરાઈ બેઠા છે. રંગોની મિલાવટ પણ ચાંચથી માંડીને પૂંછડી સુધી એકસરખી. ચાંચ ઉપરને ભાગે કાળી ખરી પણ નીચે નારંગી રંગની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાંચથી આંગળા વધતાં આંખથી માંડીને ખભા સુધી લાલ પટ્ટો. લાલ પટ્ટો પૂરો થાય ત્યાં ગળા પર સફેદ ટપકું. નાના વીરડા જેવા એ ટપકાને વટાવીને ગળાનો લાલ પટ્ટો પેટ નીચે થઈને ઠેઠ પૂંછડીનાં પીછાં સુધી ચાલ્યો જાય છે. બસ, આટલો લાલ રંગ.

બાકીના ભાગમાં માથું, ગળું, ખભા વગેરે ઘેરા વાદળી રંગનાં. પીઠ, કમર અને પૂંછડીનાં પીછાંનો રંગ આછો લીલો. પાંખો અને પૂંછડીનો લીલો રંગ ઘેરો હોય છે. એમાં વળી વાદળી રંગનાં છૂંદણાં. માથા પર ઘેરાં વાદળી રંગનાં છૂંદણાં પાડ્યાં હોય તેવાં સફેદ ટપકાં. આંખને ફરતા આવા લીલા અને આસમાની રંગોની મિલાવટ નીચે ગળું તથા દાઢી સફેદ રંગનાં.

પાણી પર ક્રી....ક....ક્રી....ક....એવા ટૂંકા અવાજ કરતો આ કલકલિયો ઊડતો દેખાય ત્યારે જાણે કોઈ દેવતાઈ રમકડું ઊડી જતું હોય તેમ જ લાગે. જે પાણીકાંઠા પાસે લોકો આવતા નથી તે પાણીકાંઠાને તે આખો દિવસ ઊડતો ઊડતો શોભાવે, પાણીકાંઠાની આસપાસ ઊડ્યા કરે અને ઝીણી જીવાત આધા કરે. પાણીકાંઠે જ એનો વસવાટ.

પણ એની ઊડ કાબરચીતરા કલકલિયાથી જુદી જાતની. કાબરચીતરો કલકલિયો સીધો કોશિયો ધૂબકો મારે અને આ રંગરંગીન કલકલિયો પાણી પર તીરછી છલંગ મારીને પાણીની સપાટી પરથી જ જીવાત પકડ્યા કરે. તીરછો ઊડતો જાય અને માત્ર ચાંચને જ બોળીને જીવાત પકડતો જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયારેક પાણીની અંદર આહાર દેખાય તો ડૂબકી મારવામાં પાછો ન પડે.

આખો દિવસ નાના તળાવડાને કે ખાબોચિયાને આ કાંઠેથી તે કાંઠે આંટા માર્યા કરે–જાણે તાણાવાણા વણતો શાળનો કાંઠલો આમતેમ જઈ રહ્યો છે. જો એને પગે દોરા બાંધી દીધા હોય તો સાંજ પડયે તળાવડી પર લૂગડું છવાઈ જાય.

આ પંખી તો તદ્દન નાનું, પણ એના વસવાટ પાસે કોઈ બીજું પંખી આવી ચડે તો એનાથી સહન ન થાય. ચ્રી....ક....ચ્રી...ક કરતાં નર–માદા નવા પંખી સામે લડાઈ શરૂ કરે. થોડીક વારમાં એ નવા પંખીને હેરાન–પરેશાન કરી નાખે. જ્યારે પેલું પંખી ત્યાંથી ચાલતું થાય ત્યારે જ તે જંપ કરે.

એનો ઈંડાં મૂકવાનો સમય પણ માર્ચથી જુલાઈ માસ સુધીનો. માળા પણ તે નદીની ભેખડોમાં જ કોતરી કાઢે. તેની અંદર પાંચથી સાત સફેદ રંગનાં ઈંડાં મૂકે. આ રીતે એના જીવનનો બીજો વ્યવહાર એના જાતભાઈ કલકલિયા જેવો જ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અ મા રું બા લ–કિ શો ર સાહિત્ય

[કુલ ૨૧ પ્રકાશનોમાંથી નીચેનાં પ્રાપ્ય છે.]

૧. જંગલમાં મંગલ ભા. ૧–૨ (હરજીવન સોમૈયા) ૦–૧૧–૦
પશુજીવનની વાર્તા

૨. ગુંજારવ (ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ) ૦—૫–૦
બાલગીતોનો સંગ્રહ

૩. કેસૂડાં (ગુલાબસિંહ બારોટ) ૦—૬–૦
બાલવાર્તાઓનો સંગ્રહ

૪. જાણુંની ડાળે (ઇન્દ્ર વસાવડા) ૦—૮–૦
જ્ઞાન અને ગમ્મત આપતી સાહસકથા

૫. પંચગનીના પત્રો (સ્વ. ચમનભાઈ વૈષ્ણવ) ૦—૪–૦
જ્ઞાન આપતું રસદાયી પ્રવાસવર્ણન

૬. કેમ અને કયારે ? ભા. ૧ (હુંગરસી સંપટ) ૦—૫–૦
વિમાનનો ઇતિહાસ

૭. હજીય મને સાંભરે છે (સ્વ. ગિજુભાઇ) ૦—૩–૦
સ્વ. ગિજુભાઇના નાનપણનાં સંભારણાં

૮. તુલસીનાં પાન (લાભુબેન મહેતા) ૦—૪–૦
મનગમતી બાલવાર્તાઓ

૯. સોની વાતો ભા. ૧–૨ ૦–૧૦–૦
જુદાં જુદાં લેખકોની બાલવાર્તાઓ

૧૦. એનું નામ નરેન્દ્રકુમાર (લાભુબેન મહેતા) ૦—૪–૦
સળંગ બાલકથા

૧૧. શંકરાચાર્ય (હરજીવન સોમૈયા) છપાય છે
શંકરાચાર્યના જીવનચરિત્રની બીજી આવૃત્તિ

૧૨. પ્રવાસપત્રો (રામભાઈ પાઠક) છપાય છે
દિલ્હીથી કલકત્તા સુધીનું પ્રવાસવર્ણન

ભા ર તી સા હિ ત્ય સં ઘ

૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ :: ૧૬, શ્રીમાળી સોસાયટી અમદાવાદ–૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષી-પરિચય ગ્રંથાવલિ

લેખકો

નિરંજન વર્મા · જયમલ્લ પરમાર

આપણી આસપાસ વસતાં અને બાળકોની માંડી બુદ્ધિને સૌંદર્ય, નૃત્ય ને સંગીતથી અહોરાત આનંદ આપતાં ચાલીસ જેટલાં પંખીઓનો અભ્યાસ-કિશોરો રસપૂર્વક વાંચી શકે તેવો વાર્તામય પરિચય આપતી છ પુસ્તિકાઓ..

[૧] **આંગણાંનાં શણગાર**—ચીંચીં કરતી ચકલી, ઘૂઘૂ કરતું પારેવું અને કલબલાટ કરતી કાબર તમારાં આંગણાંનો શણગાર છે. એ શણગારનું સૌંદર્ય તમે કદી નીરખ્યું છે ?

[૨] **ઊડતાં ભંગી**—જ્યાં આપણા ભંગીઓનું કામ અટકે છે ત્યાંથી પંખીસમાજનાં કાગડો, સમળી અને ગીધ સાફસૂફીનું ભંગીકાર્ય શરૂ કરે છે. એમનું એ શુભકાર્ય તમે જોયું છે ?

[૩] **વગડામાં વસનારાં**—વગડા, ખેતર અને ગાડામાર્ગો પર કદી રખડવા ગયા છો ? એ સ્થાનોને છવંત બનાવતાં લેલાં, હોલાં અને લક્કડખોદ તરફ તમારું ધ્યાન ગયું છે ?

[૪] **રૂપરૂપનાં અંબાર**—જેમનાં સૌંદર્ય નીરખવામાં માનવી કદી થાકતો નથી તેવાં સૌંદર્યમણિ મોર, પોપટ ને કલકલિયાનાં દર્શન તમે નિકટ જઈને કર્યાં છે ?

[૫] **કંઠે સોહામણાં**—રાતદિવસ લગાતાર સાંભળો તોયે રસ ન ખૂટે એવાં કોયલ, બપૈયો અને કાળાકોશીનાં ગાન તમે કદી આનંદપૂર્વક સાંભળ્યાં છે ?

[૬] **પ્રેમી પંખીડાં**—જોડી તૂટતાં માથાં પછાડીને મરી જતાં કહેવાતાં સારસ, કુંજ અને હંસનાં તમે નિરીક્ષણ કર્યાં છે ?

ઘરબેઠાં છયે પુસ્તિકાઓ માત્ર રૂ. ચારમાં

ભારતી સાહિત્ય સંઘ, કોટ, મુંબઈ – અમદાવાદ - ૬

આ છયે પુસ્તકોના બ્લોક વાપરવા આપવા માટે અમે કાઠિયાવાડ વિ., રાજપુરના આભારી છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar